પરિશિષ્ટ: ૧

‘નારીની અસ્મિતા પ્રગટાવતી નવલકથા: ‘કાદંબરીની મા’’

A Presentation under Departmental Coursework

(Phase - I) For Ph.D. Students



પરિશિષ્ટઃ ૧ 'નારીની અસ્મિતા પ્રગટાવતી નવલકથાઃ 'કાદંબરીની મા''

A Presentation under Departmental Coursework (Phase - I)

For Ph.D. Students

Department of Gujarati

The Maharaja Sayajirao University Of Baroda, Vadodara

Title of Paper:

'નારીની અસ્મિતા પ્રગટાવતી નવલકથાઃ 'કાદંબરીની મા''

Presented By:

Yakub Sheikh
Ph.D. Student,
Department of Gujarati,
Faculty of Arts,
The M. S. University Of Baroda,
Vadodara.

Guide:

Prof. Bharat Mehta
Professor
Department of Gujarati,
Faculty of Arts,
The M. S. University Of Baroda,
Vadodara.

નારીની અસ્મિતા પ્રગટાવતી નવલકથા : 'કાદંબરીની મા'*

– યાકુબ શેખ

સ્ત્રી અને પુરુષ એવાં સ્પષ્ટ બે ભેદ પાડતા આપણાં આ સમાજમાં ભલે સ્ત્રીને આદર્શ માનવામાં આવતી હોય, ભલે તેને દેવી સમાન ગણી સમ્માન આપવામાં આવતું હોય છતાં નારી ક્યારેય નારાયણી બની શકી નથી. પુરુષપ્રધાન આપણાં સમાજની માનસિકતા જ એવી બંધાઈ ગઈ છે કે સ્ત્રી ક્યારેય પુરુષ કરતા ચડિયાતી હોઈ જ ન શકે. વળી સ્ત્રીએ પણ પોતાની આજુબાજું ઊભા કરેલા આ બનાવટી કોચલાને આધીન રહીં પોતાની ઈચ્છાઓ, આકાંક્ષાઓ અને નિર્ણયો બધું જ પુરુષના કહ્યા અનુસાર કરતી રહીં. પરિણામ એ આવ્યું કે સ્ત્રી પુરુષ સમોવડી બનવાને બદલે તેના અત્યાચારનો ભોગ બનતી રહીં. પશ્ચિમના દેશોમાં થયેલાળ કેટલાંક નારીવાદી આંદોલનોને લીધે પોતાની સાથે થતાં ભેદભાવ પ્રત્યે તે જાગૃત થઈ અને પોતાની અસ્મિતાને ઓળખી પુરુષપ્રધાન સમાજે ઘડેલા બનાવટી કોચલામાંથી સંઘર્ષ પૂર્વક બહાર આવી.

ગુજરાતી કથાસાહિત્યમાં સ્ત્રીની સમસ્યાઓ વિશે લખવાની શરૂઆત ભલે ૨૦મી સદીથી થઈ ચૂકી હોય, પરંતુ સૂક્ષ્મ રીતે સ્ત્રીની સમસ્યાઓ ઝિલાઈ હોય તેવી નવલકથાની વાત કરીએ તો તેમાં કુન્દનિકા કાપડિયાની 'સાત પગલા આકાશમાં', ધીરુબહેન પટેલની 'શીમળાનાં ફૂલ' અને 'કાદંબરીની મા' ને ગણાવી શકાય કે જેમાં નારીવાદની સૂક્ષ્મ અસર ઝિલાઈ છે. અહીં મુખ્યત્ત્વે ધીરુબહેન પટેલની 'કાદંબરીની મા' વિશે ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

પીઢ લેખિકા ધીરુબહેન પટેલની 'કાદંબરીની મા' નવલકથા ફક્ત ૧૫૩ પૃષ્ઠમાં વિસ્તરેલી છે. જેમાં કથાનાયક અનિલના કાદંબરી સાથેના અમાનવીય વર્તાવની પશ્ચાદ્‌ભૂમાં સ્ત્રીના અસ્તિત્ત્વની અને તેના સ્વત્ત્વની સમસ્યા આક્રમક કે જરાંય બોલકા બન્યા વગર ધારદાર રીતે વ્યક્ત થઈ છે. અહીં પત્ની, મા, બહેન, સાસુ અને દીકરી જેવાં સ્ત્રીના જુદાં-જુદાં રૂપો અલેખાયા છે. મનથી દુર્બળ એવી કાદંબરી પર તેનો પતિ-અનિલ કાળોકેર વર્તાવે છે-અમાનુષી વર્તાવ કરે છે. ત્યારે અનિલની મા કાદંબરીની સાસુ મટી સવાઈ માની ભૂમિકા ભજવે છે. તે વાત અસરકારક રીતે વર્ણવાઈ છે.

કાદંબરી લગ્ન કરીને ધનાઢય પતિ અનિલના ઘરે-રતનમેનોર આવે છે. આ અતિસુખી-સમ્પન્ન પરિવારમાં સાસુ વિજયા, પક્ષાઘાતને લીધે પથારીવશ થયેલા સસરા ગિરધરલાલ, ડૉક્ટરનું ભણવા હોસ્ટેલમાં રહેતો દિયર સુનિલ અને અમેરિકા તથા ઓસ્ટ્રેલિયામાં રહેતી બે નણદો છે.

ઘરનો સમગ્ર કારોબાર સંભાળતો મોટો દીકરો અનિલ પરસ્ત્રીગમન અને શરાબના રવાડે ચડી વગર કારણે કાદંબરીને શારીરિક અને માનસિક ત્રાસ આપે છે. અનિલ જ્યારે પણ છાકટો બનીને ઘરે આવતો ત્યારે કાદંબરીને ક્રૂર રીતે મારતો, અસભ્ય અને અસંસ્કારી વાણીથી ભર્યું નિષ્ઠુર વર્તન કરતો. પતિના આ અત્યાચારથી ત્રાસેલી કાદંબરી છૂટકારો મેળવવા મા-અન્ના (અરુણા) પાસે પીયરમાં દોડી આવે છે. જમાઈની સંપત્તિ , મહેલ, મોટર, ઘરેણા અને ધંધાના સઘળા કારોબારથી આકર્ષાયેલી મા અનિલના આવા વર્તન છતાંય કાદંબરીને જ દોષી ગણે છે. તે બંગલો, નોકર-ચાકર, અઢળક સંપત્તિ, નવી નકોર ગાડી ધરાવનાર અનિલના દુર્ગણો-અત્યાચાર સહન કરવો પડે તો કરી લેવામાં જ તેની ભલાઈ જુએ છે. તેથી જ તો તેણે કાદંબરીને કહીં રાખ્યું હતું કે, "અનિલને હાથમાં રાખજે. બીજા કોઈ સાથે બહુ હળતી ભળતી નહીં. સાસુનું ભલું પૂછવું. એનું ચાલે તો એ તમારા બેનું જામવા જ નહિ દે...અનિલના હાથમાં લાખો રૂપિયાનો કારભાર છે, ધીરે ધીરે એ બધું તારું કરી લેજે. અનિલ રાત કહે તો રાત અને દિવસ કહે તો દિવસ, એમ જ જીવજે." (પૃ.૦૬) અત્યાર સુધી માના કહ્યા પ્રમાણે જ જીવતી કાદંબરી હવે જ્યારે પાણી ભેખડે ધસી આવે છે ત્યારે અનિલનો ત્રાસ સહેવા તૈયાર નથી તેને ઓશિયાળા થઈને પતિને ઘેર રહેવા કરતા સ્વતંત્ર રીતે માને ઘેર રહેવું છે. પણ, જેને મન સુખની વ્યાખ્યા જ પતિનું ઘર અને સંપત્તિ છે તેવી અન્ના કાદંબરીને મારીમચડીને પણ તેના પતિને ઘેર મોકલવા તત્પર છે.

પોતાના દીકરા દ્વારા કાદંબરી પર કરાતો અત્યાચાર સહન ન થતા ફરીવાર પોતાની દીકરીને પાછા ન મોકલવાનું કહેવા વિજયા કાદંબરીની મા-અન્ના પાસે આવે છે. તે કહે છે, "ઘણા વખતથી વિચાર કરતી હતી, અરુણાબહેન! કે તમને આવીને કહું, છોકરીને તમારી પાસે બોલાવી લો... એણે બહુ વેઠયું છે. છેક ભાંગી પડે તે પહેલાં એને બચાવી લો, પણ મોકો મળતો નહોતો. આજે જ્યારે હદ આવી ગઈ છે અને કાદંબરી પોતે જ ઘર છોડીને આવતી રહીં છે ત્યારે હું ખાસ તમને કહેવા આવી છું, બહેન કે આ વખતે ભૂલ ન કરશો, એને પાછી ન મોકલશો." (પૃ.૦૯)

સાસરી અને પિયર વચ્ચે ફંગોળાતી કાદંબરી હવે 'પોતાનું ઘર' શોધે છે. પુત્રના ત્રાસથી બચાવવા અને પુત્રને પાઠ ભણાવવા સાસુ હોવાછતાં મા બનેલી વિજયા કાદંબરીને માને ત્યાં જ રાખવા ઈચ્છે છે. તો સામે અરુણાને અનિલની મિલ્કતમાં જ રસ છે. તે એવું સમજે છે કે વિજયા તેના ઘરમાંથી કાદંબરીનો પગ કાઢવા માંગે છે. તેથી ગમે તે ભોગે, અનિલનો માર, અત્યાચાર, અપમાન બધું જ સહન કરવું પડે તો પણ પોતાની દીકરીને સાસરીમાં જ મોકલવા ઈચ્છતી અરુણા

પારકી મા બની રહે છે. એકબાજું જન્મ આપનારી સગીમા-અરુણા અને સાસુ હોવાછતાં પુત્રવધુના દુઃખને જોઈને તેનું રક્ષણ કરવા સગી મા બનેલી વિજયા-આ બંનેને કાદંબરી સમજી શકતી નથી. તે મૂંગી રહે છે. તેની માની શિખામણ 'મૂંગી રહેવું ને ધીમે બોલવું' તે ગાંઠે બાંધે છે. તે બંનેમાંથી કોઈ એકને સ્વીકારી શકે તેટલી શક્તિમાન નથી. તેને તો ફક્ત અનિલના અત્યાચારથી બચવું છે કોઈપણ ભોગે ! પરંતુ જે માને પોતાની દીકરીનું સુખ શામાં છે તે ન સમજાતું હોય તેવી માથી બચાવીને કાદંબરીની સાસુ તેનો જીવ બચાવવા પોતાના ભઈને ત્યાં લઈ જાય છે. ત્યાં પણ આવી ચડેલા અનિલની ધમકી ન જીરવાતાં વિજયા પોતાના વકીલ-મિત્ર પાસે સલાહ લેવા જાય છે. વકીલ આર્થિક સમસ્યાઓના અને અનિલને કેવી રીતે વશમાં કરી શકાય તેના આટાપાટા સમજાવે છે. વકીલના કહ્યા અનુસાર તે પોતાના નાના દીકરા સુનિલને બોલાવે છે. પરંતુ અનિલના પૈસાથી એશ કરતો સુનિલ પોતાની માને ભાઈનાં જીવનમાં માથું ન મારવાનું સમજાવે છે. અમેરિકામાં રહેતી દીકરી પણ ભાઈ-ભાભીના અંગત જીવનમાં દખલ ન કરવાનું વિજયાને કહે છે. એક પછી એક પોતાના જ બાળકો વિજયાનો સાથ છોડી દે છે. તેવામાં ઓસ્ટ્રેલિયામાં રહેતી તેની દીકરી કાનુની જંગે ચડેલી પોતાની માને સાથ આપવા તૈયાર થાય છે, તે ભાભીની જીંદગી બચાવવા ભારત આવે છે. બીજીબાજું અનિલનો ત્રાસ વધતો જાય છે તે એકબીજી સ્ત્રી સાતે લગ્ન કરવા તૈયાર થાય છે. તેની માયાજાળમાં ફસાયેલી કાદંબરીની જન્મદાત્રી પણ થોડા સમય માટે થતા આ લગ્ન માટે રાજી છે. કાલિન્દીનો ઘર સંસાર કેવો હશે તેની જાત તપાસ કરવા કાલિન્દીની મા-શકુન્તલા વિજયાના ઘરે આવે છે. દીકરીના ઘરનો પાણીનો છાંટોય ન લેવાય એવાં સંસ્કારની સૂફિયાણી વાતો કરતી શકુન્તલા બીજાની દીકરીના ઘરસંસારમાં આગ લગાડવા રાજી થઈ જાય છે. શકુન્તલાના આ વિરોધાભાસી રૂપને લેખિકા ખુલ્લો પાડે છે. અહીં વાચક એ સારીરીતે સમજી શકે છે કે એક સ્ત્રી બીજી સ્ત્રી-પુત્રવધુની જીંદગી બચાવવા માટે પોતાને દાવ પર મૂકી દે છે, જ્યારે બીજી સ્ત્રી પોતાની દીકરી માટે બીજી દીકકરીનો ઘર-સંસાર ઉજાડવા માટે રઘવાયી બની છે. બે વિરોધી સ્વભાવવાળાં સ્ત્રીપાત્રોને સામ-સામે મૂકી લેખિકા આપણું ધ્યાન ખેંચે છે. પોતાને છૂટાછેડા આપી અનિલ કાલિન્દી સાથે લગ્ન કરવાની તૈયારી કરતો હોવાની જાણ થતાં જ કાદંબરી પોતાના પેટમાં ગર્ભ હોવાછતાં, અનિલના ત્રાસમાંથી મુક્ત થવા તૈયાર થયેલી તેને જોઈને વિજયા કહે છે, "દરેક જમાનામાં પાપ-પુણ્ય અલગ-અલગ હોય છે, કાદંબરી. અનિલે મોકલેલા ઘાસલેટના બાટલાનો સ્વીકાર કરવો એ શું પાપ નથી? કોઈ પણ બાળક એકલી માનું નથી હોતું. મા અને બાપ બંનેનું હોય છે. બાપ જ્યારે

નફ્ફટાઈથી એનો અસ્વીકાર કરી શકે છે ત્યારે મા શા માટે એને પોતાની જીવનભરની લાચારી બનાવી દે?"

તેમ છતાં હું એમ તો નથી કહેતી કદંબ! કે તું એને ન જ રાખ. તારી મરજી હોય એમ કર. એની મા બનવા છતાં અનિલની પત્ની તું મટી જઈ શકે છે. તારું જીવન જીવી શકે છે, તારી ઇચ્છા મુજબ. તારી ઇચ્છાને જાગવા દે.તું તું પોતે છે, કાદંબરી! માત્ર અનિલની પત્ની કે અન્નાની દીકરી નહીં, એટલું યાદ રાખ. આ સંસારમાં સૌની પ્રત્યે, તેવી જતારી જાત પ્રત્યે પણ તારી કંઈક ફરજ છે બેટા, એ ક્યારે બજાવીશ?" (પૃ.૧૦૦-૧૦૧)

નવલકથાના અંતે કાદંબરી આત્મહત્યા કરવાનું અંતિમ પગલું ભરે છે ત્યારે પણ વિજયા તેને સમજાવે છે, " કદંબ! તારે જીવવાનું છે. તારી ઈચ્છા હોય તો મા બનવાનું છે. ચિંતા ન કરતી, બધી માતાને નસીબે અનિલ જેવા દીકરા નથી હોતા. તારું બાળક તારા જેવું જ હશે!" (પૃ.૧૪૬) વિજયા મહામહેનતે કાદંબરીને આત્મહત્યા કરતાં રોકે છે. અનિલ સાથે રહેવું કે ન રહેવું, બાળકને જન્મ આપવો કે ન આપવો તેનો નિર્ણય તેના પર છોડીને સ્વમાનથી જીવન જીવવાનું સમજાવે છે. વિજયા કહે છે, "શું સ્ત્રી કે શું પુરુષ! હું ઇચ્છું છું બેટા, કે તને પણ ગમે ત્યાંથી એવો આધાર સાંપડે, પણ ધારો કે ન મળ્યો, તોયે તું જીવી નહીં શકે? સ્વમાનથી, ગૌરવથી નહી જીવે?" (પૃ.૧૪૯) કાદંબરી પર વિજયાની વાતની અસર થાય છે અને જાણે તેનો નવો જન્મ થયો હોય તેમ તેનામાં અનિલનો સામનો કરવાની હિંમત આવે છે. મા-અન્ના સાથે ઘરે જવાની પણ હવે મનાઈ કરે છે અને હવે આ જ મારું ઘર છે અને ભગવાને તેને શા માટે જન્મ આપ્યો છે એ જોવાની તીવ્ર ઈચ્છા વ્યક્ત કરે છે ત્યાં નવલકથા પૂર્ણ થાય છે.

ઘર એ ફક્ત પતિનું જ હોતું નથી પરંતુ પત્નીનું પણ હોય છે, જેથી પોતાના આ ઘર માટે હક્કપૂર્વક લડવાની વાત આ નવલકથાનો અંતિમ સંદેશ છે. હવે જન્મદાત્રી મા પાસે જવાને બદલે સાસુમા કે જેણે તેને નવો જન્મ આપ્યો છે તેને જ સાચી મા ગણીને તેની પાસે જ રહેવાનું નક્કી કરે છે. અહીં નવલકથાનો ભલે અંત આવે છે પરંતુ જીવનને જાણવાની અને સમજવાની કાદંબરીની ઈચ્છાથી જ તેના નવા જન્મનો આરંભ થાય છે.

ટૂંકમાં, પતિના અત્યાચાર સહન કરતી મનથી કમજોર નારીમાંથી પોતાના હક્ક માટે પતિ સામે લડવા તૈયાર થયેલી કાદંબરીની વાત આ નવલકથામાં આલેખાઈ છે. નારીના સંવેદન વિશ્વને આગવી રીતે અવલોકતાં ધીરુબહેન અહીં વિજયાના કાદંબરીની સાસુ અને કાદંબરીની મા એવાં બે

રૂપને અસરકારક રીતે ઉપસાવવામાં સફળ થયાં છે. પુરુષ દ્વારા એક નારી ઉપર થતા અત્યાચાર સામે પડેલી વિજયા પત્નીધર્મને થોડા સમય સુધી બાજુ પર મૂકી અનિલ પોતાનો પુત્ર હોવા છતાં તેની સામે પડે છે અને અત્યાચારથી બચાવવા પુત્રવધુની સગી મા બનીને એક નારીનો પક્ષ લે છે. લેખિકાએ અહીં વિજયાના અનેક સ્ત્રી રૂપોનાં આપણને દર્શન કરાવ્યાં છે : પક્ષાઘાતથી પથારીવશ થયેલા પતિની રાત-દિવસ સેવા કરીને પતિધર્મ, બે પુત્રો અને બે પુત્રીઓનો ઉછેર કરીને માતૃધર્મ, પુત્ર દ્વારા પુત્રવધુ પર થતાં અત્યાચારને રોકીને એક સાસુધર્મ, પુત્રવધુની એક માતાની જેમ સુરક્ષા કરીને દીકરીની સગી માનો ધર્મ જેવી ભૂમિકાઓની ભજવણીમાં તેને જે યાતનામાંથી-મનોસંઘર્ષમાંથી પસાર થવાનું થયું તેનું આ કથાને આગવું સ્થાન બક્ષે છે. વિશેષ રૂપે પુત્રવધુને જન્મ આપનારી માની જેમ સાચવી, પુત્રના અત્યાચાર સામે ન ઝૂકવા માટે માનસિક રીતે કાદંબરીને તૈયાર કરીને તેને એક નવો જન્મ આપે છે. એ રીતે ધીરુબહેને આ નવલકથાનું શીર્ષક ‘કાદંબરીની મા’ આપ્યું છે તે યથાર્થ ઠરે છે.

આ નવલકથા બે-ત્રણ મુખ્ય સ્ત્રીપાત્રોની આસપાસ ગૂંથાયેલી છે. તેમાં એક તો પુરુષની જેમ દીકરી પર સત્તા ચલાવતી કાદંબરીની મા-અન્ના (અરુણા) અને બીજી સાસુ હોવા છતાં કાદંબરીના પડખે રહી તેની ખરી મા બનીને નવો જન્મ આપનાર વિજયા. તો આ બંને મા વચ્ચે સાચી મા કોણ? એ પ્રશ્નનો ઉત્તર શોધવા જ જાણે અથડાતી એવી કાદંબરી આ નવલકથાનું મુખ્ય પાત્ર બને છે. કાદંબરીની સગીમા અન્ના(અરુણા) તેની પુત્રીનું સાચુ સુખ પતિને ખુશ રાખવામાં જ સમજે છે. તેને મન જો પતિને ખુશ રાખશે તો જ તેને મહેલની રાણી બનીને રાજ કરવા મળશે, નવી નક્કોર ગાડીમાં ફરવા મળશે, ઘરેણાં-ગાંઠા પહેરવા મળશે અને અઢળક સંપત્તિ ભોગવવા મળશે. તેથી જ તો તે સાસરેથી આવેલ પોતાની દીકરીને જે વેઠયું છે ઓછું હોય તેમ, ભાંગી પડે તો પણ બચાવવા નથી માંગતી. ઉલટાનું તેને પોતાને ઘેર રાખવાને બદલે સાસરે જ ધકેલે છે. જમાઈ અનિલ બીજી સ્ત્રી સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ લઈને આવે છે ત્યારે પણ અરુણા તેને મૂક સંમતિ આપે છે. દરેક ધનાઢ્ય પુરુષની જેમ અનિલના પણ કેટલાક દુર્ગુણોને તે અવગણીને દીકરીના સુખ ખાતર મોહવશ થાય છે. ભૌતિક સુખમાં જ ઈતિશ્રી માને છે. આમ, અરુણા સુઘડ હોવા છતાં સંસ્કારી નારી બની શકી નથી. માતૃત્ત્વ દીપાવવાને બદલે માતૃત્ત્વ લજાવનારી બની રહે છે.

વિજયા આ નવલકથાનું સશક્ત પાત્ર છે. આ આખી નવલકથા વિજયાના પાત્રની આસપાસ જ આકાર લે છે. અનિલ પોતાનો જ પુત્ર હોવાછતાં તેનો દુર્વ્યવહાર સહન ન કરવા માટે

સામે ચાલીને તે કાદંબરીને કહે છે. પુત્રના પડખે ઊભી રહેવા કરતા તે એક અબળા સ્ત્રીને સાથ આપવાનું વધુ ઉચિત માને છે. પુત્ર અનિલનો ત્રાસ અસહ્ય થતાં તે પુત્રવધુને પોતાની માને ત્યાં જવાનું સામેથી કહે છે. સાસુમાંથી સગી મા બનેલી તે કાદંબરીની વિશેષ કાળજી રાખે છે. પોતાનો સ્વચ્છંદી પુત્ર અવળા માર્ગે ચડી ગયો છે જેનો ભોગ કાદંબરીને બનવું પડી રહ્યું છે તે જોઈ વિજયા પોતાના ભાઈને ત્યાં કાદંબરીને લઈ જાય છે. અનિલની શાન ઠેકાણે લાવવા મિત્ર-વકીલની સલાહ લે છે. પુત્રને કાનુની રીતે મ્હાત કરવા પણ પોતે અચકાતી નથી. પક્ષાઘાતને કારણે પથારીવશ થયેલા પતિની સેવામાં જ જીવન ગુજારનાર વિજયા થોડા સમય માટે પતિને પણ છોડી દે છે અને કાદંબરીની સુરક્ષાને જ એકમાત્ર લક્ષ્ય બનાવે છે. અહીં વિજયા એક જાગૃત, અસ્મિતાપૂર્ણ, પતિપ્રેમી અને દીકરીપ્રેમી પાત્રના રૂપમાં વાચકના હૃદયમાં સ્થાન ભોગવે છે. મોતને વહાલું કરતી પુત્રવધુને બચાવવા તે મરણિયા પ્રયાસ કરે છે. જ્યારે અરુણા સગી દીકરીને મોતના મુખમાં મૂકતા અચકાતી નથી. આમ, બંને વિરોધી પાત્રો સામસામે મુકીને લેખિકાએ આ નવલકથાને અનેરું બળ પૂરું પાડ્યું છે.

આ નવલકથાની કથાનાયિકા કાદંબરી નિર્બળ નારી છે. પતિના અત્યાચારને મુંગે મોઢે સહન કરતી, પતિને જ પરમેશ્વર માનતી ભારતીય નારી છે. લગ્ન સુધી અન્ના પાસે રહેલી કાદંબરી સગીમા-અન્ના (અરુણા)ને ઓળખી શકી નથી. ધન-વૈભવને જ સાચુ સુખ માનતી અન્ના પતિના અત્યાચારને સહન કરવાનું કહે છે. ત્યારે પણ તે મુંગે મોઢે સાંભળી લે છે. માની શિખામણ “મૂંગા રહેવું ને ધીમે બોલવું” ને પોતાના સુખનો મંત્ર બનાવી લે છે. પતિ અનિલ પરસ્ત્રી સાથે સંબંધ રાખે છે, શરાબ પી છાકટા બનીને તેને માર મારે છે, અનેક ઉપપત્નીઓમાંની એકને ઘરે બોલાવી તેની સેવા કરવાની ફરજ પાડે છે. આ બધા જ ક્રૂર વર્તનને તે મૂંગે મોઢે સહન કરે છે. પતિના આવા અત્યાચારનો ભોગ બનતી કાદંબરીની વહારે તેની સાસુ આવે છે. તેને આ કારાગારમાંથી ઉગારવા તે તેની સગી મા બની રહે છે. અનિલ કાદંબરીને ગાંડી ઠરાવી અન્ય સ્ત્રી સાથે લગ્ન કરવાનું વિચારે છે તે જાણી તે હચમચી જાય છે. આર્થિક નુકશાનને કારણે પતિ જીવનનો ત્યાગ કરે તે પહેલા પોતે જ જીવનનો અંત આણવા તૈયાર થાય છે. આત્મહત્યાને જ એકમાત્ર ઉપાય સમજી તે મોતને વહાલું કરવાનો પ્રયત્ન કરે છે. સાસુ વિજયાના મહાપ્રયત્ને તે બચી જાય છે અને તેનો નવો જન્મ થાય છે. હવે દુર્બળ નારીમાંથી પતિના અત્યાચારનો સામનો કરવાની હિંમત

કેળવતી તેને ‘સ્વ’ની ઓળખ થાય છે. અંતે સાસરીમાં જ સ્વબળે રહેવાનોનિર્ણય કરતી હિંમતવાન કાદંબરીને વાચક વધાવી લે છે.

આ નવલકથાના અન્ય સ્ત્રીપાત્રો – અભેચંદની આખાબોલી ચતુર પત્ની માણેક, વિજયાની અમેરિકા રહેતી પુત્રી નિલમ તેમજ ઓસ્ટ્રેલિયા રહેતી પુત્રી પન્ના, કાલિન્દીની મા શકુન્તલા જેવા સ્ત્રીપાત્રો કથાના તંતુ ને જોડવામાં મહત્ત્વનો ફાળો આપે છે.

પુરુષપાત્રોમાં વિજયાના પુત્રો અનિલ-સુનિલ, વિજયાનો પતિ ગિરધરલાલ, વિજયાનો ભાઈ અભેચંદ તેમજ વકીલ-સદાશિવ મુખ્ય છે. અનિલ સંપત્તિના વૈભવમાં છકેલો સત્તાધારી પુરુષ છે. પરસ્ત્રીગમન અને શરાબને શરણે ગયેલ આ નવલકથાનું સૌથી હીન પાત્ર છે. રતનમેનોરના સમગ્ર કારભારનો માલિક-અનિલ સત્તા અને સંપત્તિના નશામાં અંધ થઈ ગયો છે. ઘરમાં પક્ષાઘાતને કારણે પથારીવશ થયેલા પિતાને અવગણતો, પત્ની કાદંબરી પાસે અન્ય સ્ત્રીની સેવા કરાવતો , શરાબ-શબાબના નશામાં છાકટો બની પત્ની પર જુલ્મ કરતો, મા વિજયા સાથે અસભ્ય વર્તાવ કરતો અભિમાની પુરુષ છે. સુનિલ ડૉકટરનું ભણવા જ્યારથી હોસ્ટેલ ચાલ્યો ગયો છે ત્યારથી જાણે ઘર સાથે તેને હવે કોઈ નિસ્બત જ રહી નથી. ભાભી ઉપર ત્રાસ ગુજારતા અનિલને રોકવા માટે વિજયા તેને બોલાવે છે ત્યારે પણ તે બેજવાબદારીભર્યું વર્તન કરે છે. ભાઈ-ભાભીની વાતમાં દખલ કરવાનો ઈન્કાર કરે છે. પાળેલું કૂતરું જેમ માલિક પાસે રોટલી માટે પૂંછડી પટપટાવે તેમ સુનિલ પણ અનિલ પાસેથી નોટોની થપ્પી મળતા મા-વિજયાને અવગણીને ચાલ્યો જાય છે. તેને મન પિતા, માતા કે ભાભીનું કોઈ મહત્ત્વ નથી. તેને મન પૈસા જ સર્વસ્વ છે. આવા સુનિલ પર વિજયા કશો વિશેષ ભરોશો રાખી શકે તેમ નથી.

પક્ષાઘાતને લીધે પથારીવસ થયેલા ગિરધરલાલનો દેહ નિશ્ચેત હોવા છતાં કાદંબરીનો ખ્યાલ રાખે છે. અભેચંદને રતનમેનોર તરફથી નોકરી ન મળવા છતાં કોઈપણ જાતના બદલાની ભાવના કે સ્વાર્થ વગર બહેન વિજયા અને કાદંબરીના દુઃખમાં સામેલ થાય છે અને ભાણેજ અનિલના રોષનો ભોગ બને છે. છતાંપણ એક ભાઈનો બહેન સાથેનો સંબંધ જાળવવામાં તે ખરો ઉતરે છે. વિજયા સાથે અભ્યાસ કરતો મિત્ર સદાશિવ પણ એક મહત્વનું પાત્ર છે, જેની પાસેથી જ વિજયાને કેટલાંક પાઠ શિખવા મળે છે. લેખિકાએ ‘કાદંબરીની મા’ નવલકથામાં ખપમાં લીધેલાં બધાંજ સ્ત્રી અને પુરુષ પાત્રો કથાને ગતિશીલ રાખવામાં મહત્વનો ભાગ ભજવે છે.

કોઈપણ નવલકથામાં પાત્રની લાગણી, સંવેદના, અનુભૂતિ જેવી તમામ અવસ્થા પ્રગટાવવા માટે ભાષા મહત્વનું લક્ષણ બને છે. અહીં પણ ભાષાના સર્જનાત્મક વિનિયોગ દ્વારા કથાને આસ્વાદ્ય બનતી જોઇ શકાય છે.જેમકે –

"શેતરંજના ખેલાડીની જેમ બંને સ્ત્રીઓ એકબીજીને નજરથી માપતી હતી. તેમના ચહેરા પર એક વાસી સ્મિત વળગી રહેલું હતું જેનો કોઇ અર્થ નહોતો." (પૃ.૩)

"આમથી તેમથી વહેતું પાણી ભેગું થઇને જ્યારે ભેખડની ધારે આવી પહોંચે છે ત્યારે એ જલપ્રપાતને કોઇ અટકાવી શકતું નથી. ધોધનો ઘુઘવાટ ને ગર્જના બહેરા કાનને પણ સાંભળવાં પડે છે." (પૃ.૭)

"કાદંબરી મુગ્ધ ભાવે સાસુના મોં સામે જોઇ રહી. એની પ્રગાઢ વેદના નિરંતર ફેલાતાં રહેતાં મોજાંની જેમ આવીને પોતાની ચેતનાના કિનારા સાથે અફળાઇ ત્યારે એ હાંફળી ફાંફળી બોલી ઊઠી, 'બા !'" (પૃ.૧૭)

"ગાજવીજ અને વરસાદ સાથેનું ભારે વાવાઝોડું પસાર થઇ ગયા પછી ઘન જંગલના કોઇ ઝાડની ડાળી પર બેઠેલું પંખી ઘણી વારે પોતાની ભીની પાંખ ફફડાવીને આસ્તેથી ચાંચ ખોલે છે, જુએ છે – ક્યાંક પોતાનો સ્વર તો વહી ગયો નથી ને, તોફાની પવન સાથે !" (પૃ.૫૯)

"સૂકાં ડાળાંપાંદડાંના ઢગલામાંથી એકાદ ડાળખી સળવળવા માંડે અને ચાલતી થઇ જાય ત્યારે માણસ કેવું હેબતાઇ જાય ! કાદંબરી એવી જ રીતે અરુણાની સામે જોઇ રહી." (પૃ.૭૬)

"એમ તો એમ! ઈમ્પોર્ટેડ શેમ્પૂનાં ફીણનાં ઢગલામાં દટાઇ ગયેલા ચહેરાને ફંફોસીને પામવા મથતી કાદંબરીએ વિચારવાનું બંધ કરી દીધું." (પૃ.૭૮)

"કાળમીંઢ ખડકની ભીંતોમાં જકડાઇ ગયેલા હાથપગ હલાવી તે ગુફાની મોકળાશમાં કૂદી પડવા માગતી નથી." (પૃ.૮૬)

"ચાટમાંથી નિશ્ચિંત જીવે ભાત ખાતું કૂતરું અણધાર્યો પથરો વાગતાં દુઃખ અને વિસ્મયથી જોઇ રહે તેવી નજર નાખી કાદંબરી બોલી ઊઠી, 'બા! તમે પણ ?'" (પૃ.૯૭)

"પળ પહેલાંનો ગુસ્સો હિમાલયની હિમશિલાની પેઠે ઓચિંતો સરકી જઈને એક વિશાળ જળપ્રપાતમાં ફેરવાઈ ગયો." (પૃ.૯૮)

"ગિરિશિખરના પ્રફુલ્લ ચેતનવંત ધુમ્મસ જેવું નહીં પણ મોટા શહેરના ધૂળધુમાડાને લીધે જન્મેલું મોટા એદી વાદળ જેવું ઝાંખું અને ભારે ધુમ્મસ – મૌનનું ધુમ્મસ એ ઓરડામાં છવાઈ ગયું." (પૃ.૧૩૫)

અહીં ઉપયોગમાં લેવાયેલી ભાષા અને લાઘવયુક્ત શબ્દ પ્રયોગોએ આ નવલકથાને કળાકૃતિ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

અહીં ઉચિત પાત્રો, કળાત્મક ભાષાપ્રયોગ, ટૂંકા સંવાદો, વાર્તાને અનુરૂપ વાતાવરણ જેવાં નવલકથાના મહત્ત્વના ઘટકતત્ત્વો લેખિકાના નિશ્ચિત સમસ્યાના લક્ષ્ય સુધી પહોંચવામાં મદદરૂપ થયા છે. નારીજીવનની વ્યાપક સમસ્યાને નવલકથાના માધ્યમથી વાચક સુધી પહોંચાડવામાં ધીરુબહેન સફળ થાય છે.

***સંદર્ભઃ** 'કાદંબરીની મા' ધીરુબહેન પટેલ, પુનર્મુદ્રણઃ જુલાઈ ૨૦૧૧, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ.૧૫૩, કિંમતઃ ૯૦

પરિશિષ્ટઃ ૨

‘દિવસના ઉજાસની પછીતે છૂપાયેલું અંધારુંઃ ‘સફેદ અંધારું’’

A Presentation under Departmental

Coursework

(Phase - II) For Ph.D. Students



પરિશિષ્ટઃ ૨ 'દિવસના ઉજાસની પછીતે છૂપાયેલું અંધારુંઃ 'સફેદ અંધારું''

A Presentation under Departmental Coursework (Phase - II)

For Ph.D. Students

Department of Gujarati

The Maharaja Sayajirao University Of Baroda, Vadodara

Title of Paper:

દિવસના ઉજાસની પછીતે છૂપાયેલું અંધારુંઃ 'સફેદ અંધારું'

Presented By:

Yakub Sheikh
Ph.D. Student,
Department of Gujarati,
Faculty of Arts,
The M. S. University Of Baroda, Vadodara.

Guide:

Prof. Bharat Mehta
Professor
Department of Gujarati,
Faculty of Arts,
The M. S. University Of Baroda, Vadodara.

દિવસના ઉજાસની પછીતે છૂપાયેલું અંધારું: 'સફેદ અંધારું'*

- યાકુબ શેખ

સૃષ્ટિમાં હજીય વણસ્પર્શ્યાં રહેલા વિષયપર્ણને સર્જનસૃષ્ટિમાં ઢાળવાના પડકારને સ્વીકારી પોતાની જાતને કસોટીની એરણ પર ચઢાવવાનું બીડું ઝડપનાર પન્ના ત્રિવેદી આપણી નવી પેઢીના સંવેદનશીલ વાર્તાકાર છે. તેઓ ૨૦૦૨માં લખાયેલ 'આકાશની એક ચીસ' વાર્તાસંગ્રહથી ગુજરાતી ટૂંકીવાર્તાની દુનિયામાં પ્રવેશ કરે છે. તેમણે ૨૦૦૯માં 'રંગ વિનાનો રંગ' અને ૨૦૧૪માં 'સફેદ અંધારું' નામક વાર્તાસંગ્રહ આપીને ગુજરાતી સ્ત્રીવાર્તાકારોની હરોળમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. કવિતા અને વાર્તા ઉભયક્ષેત્રે પ્રદાન કરનાર આ વાર્તાકારને તેમના 'સફેદ અંધારું' વાર્તાસંગ્રહ માટે ૨૦૧૪માં 'ધૂમકેતુ પારિતોષિક'થી અને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'ભગિની નિવેદીતા પારિતોષિક'થી પુરસ્કૃત કરાયાં છે.

કોઈ વિક્ષોભક પ્રત્યક્ષ ઘટના કે કોઈ પરોક્ષ સૂક્ષ્મતમ સંકેત તેમની ભીતર એક અનોખું ભાવવિશ્વ રચે છે અને તે જ્યારે સ્વયંભૂ આકાર લે ત્યારે રચાય છે 'સફેદ અંધારું'ની વાર્તાઓ. કાયમ પોતાના પતિની ફરિયાદ કરતી કામવાળી, રઘવાટિયા ફૂટપાથ પર પોતાની તમામ ઘરવખરી સાથે એકાંત પાથરીને બેઠેલા મજૂરો, ભીખ માંગવા લંબાયેલ હાથને ખાલી હેઠો ધકેલતો નાનો છોકરો, કેમેરાની સામે કૃત્રિમ હસતી સિનેમાતારિકા, લોકોની વચ્ચેથી સાપની જેમ સરકી જતા લોકનેતાઓ, ટી.વી.ના પડદામાંથી બહાર આવીને તેમની આસપાસ ચામાચીડિયાની જેમ ઉડતા માણસો, વર્તમાનપત્રના સમાચારોના જંગલમાં ગૂંચવાઈ ગયેલા કરોળિયા જેવા લોકો વગેરે જેવા પાત્રો અને અનુભવેલી ઘટનાઓ આ વાર્તાકારના ચિત્તમાં આંદોલન જગાવે છે ત્યારે અમોલી, બેલ્લી, રજ્જો, ધાની, નીલુ, ઉલ્ફત, ચરણસિંહ, બરકતઅલી, તુકારામ, આકીન અને સંજુ જેવા પાત્રો વાર્તારૂપ પામે છે.

આ સંગ્રહમાં કુલ ૨૦ વાર્તાઓ સંગ્રહાઈ છે. જેમાંની મોટાભાગની વાર્તાઓ કુમાર, પરબ, ઉદ્દેશ, તાદાર્થ્ય, નવનીત-સમર્પણ, મમતા અને જલારામદીપ – સામયિકોમાં આવી ચૂકી છે.

મોં પર એસિડ ફેંકાવાથી બદસૂરત બનેલા ચહેરાને લીધે જીવનમાં અસહ્ય વેદના અનુભવતી યુવતીની વાત સંગ્રહની પ્રથમ વાર્તા **'રા'ણ કૂકડી'**માં કરવામાં આવી છે. નાયિકા-ધાની જ્યાં રહે છે તે મહોલ્લાનું વર્ણન કરી વાર્તાકાર વાર્તાનો ઉઘાડ કરે છે. હવે ધાનીને રોજેરોજ ઘરની બહાર

નીકળવાનું અસહ્ય થઈ પડે છે. જેથી ક્યાંય પણ જતી વખતે તે પોતાના ચહેરાને ઢાંકીને જ નીકળે છે. ઘરથી નીકળી સાંકડી શેરીમાં સડસડાટ ચાલતી-ફફડતી ધાનીને રા'ણકૂકડી...રા'ણકૂકડી કહીં શેરીના બાળકો મજાક ઉડાવે છે. અહીં વાર્તારંભે 'રા'ણકૂકડી' શબ્દ દ્વારા વાર્તાકાર વાચકોના મનમાં રહસ્યના અનેક વમળો સર્જે છે. ઘરડી નાની સાથે રહેતી ઘાની પેટનો ખાડો પૂરવા કામ અર્થે એક બ્યૂટીપાર્લરમાં જાય છે. ત્યાં ધાનીના ચહેરા પરનું આવરણ હટી જતાં જાણે બ્યૂટીપાર્લરવાળી સ્ત્રીની સહાનુભૂતિનું બોદું આવરણ પણ હટી જાય છે.હડદૂત થયેલી ધાની પોતાની કિસ્મતને દુહાઈ દેતી ઘર તરફ પાછી ફરે છે. એક તરફ એસિડ ફેંકનાર પ્રત્યે તીવ્ર ઘૃણા-નફરત થાય છે તેને કડકમાં કડક સજા થવીજ જોઈએ એમ વિચારે છે તો બીજી તરફ ઘરતરફ રસ્તામાં 'રા'ણકૂકડી'ના અવાજોથી આવનારા વંટોળની કલ્પના માત્રથી થરથર કાંપે છે. ઘરે જતાં રસ્તામાં યુવક ઈવાનની સહાનુભૂતિ મળવાથી ધાની પોતાના બદસૂરત ચહેરાની પીડાને ભૂલીને નવા જીવનની શરૂઆત કરે છે.

કોમી હુલ્લડમાં બચી ગયેલાં પરંતુ રાહત છાવણીમાં રહીને આકરી ઠંડીમાં મોતને હાથતાળી આપી રહેલા લોકોની કરમકઠણાઈનું આલેખન **'સફેદ અંધારું'**માં થયું છે. કોમી હુલ્લડમાં અસંખ્ય લોકોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યાં હતાં તો બીજીબાજું ડિસેમ્બરની આકરી ઠંડીથી ૩૨ જણાં ઠૂંઠવાઈ મર્યા હતાં જેથી રાત પડવાના નામ માત્રથી લોકો થથરી જતાં હતાં. જે હિન્દુ-મુસલમાનો વચ્ચે કોમી દાવાનળ ફાટી નીકળ્યું હતું, એકબીજાને મારવા અને કાપવામાં રમમાણ હતાં તે હવે રાહત છાવણીમાં એકબીજાને બને તેટલી સહાનુભૂતિ અને મદદ માટે તૈયાર રહે છે. વળી, વાર્તાકારે આવનાર મેળામાં જવા માટે તૈયાર કરવા આવતા સ્વાર્થી નેતાઓ પ્રત્યેની છાવણીના લોકોની ઘૃણા ઉપજાવીને વાર્તાને સંવેદનની ધાર આપી છે. એકતરફ સ્વજનોની સાથે-સાથે જીવનની મહામૂલી મૂડી સમાન ઘરવખરી ગુમાવ્યાનું દુઃખ તો બીજીબાજું રાહત છાવણીમાં પારાવાર મૂશ્કેલીઓ વેઠીને એક એક રાત પસાર કરતા હિંદુ-મુસ્લીમોના સંવેદનને વ્યક્ત કરવામાં વાર્તાકાર સફળ થાય છે.

મેળામાં પુરુષ તેને ગમે તેવી કોઈપણ કુંવારી છોકરીની માંગમાં સિંદૂર પૂરી પોતાની પત્ની બનાવી શકે તેવા સામંતી રિવાજ સામે અવાજ ઉઠાવતી ૧૩ વર્ષની બાળાની વાત **'અમોલી'** વાર્તામાં કરી છે. અડાબીડ જંગલોથી ઘેરાયેલી પહાડી વિસ્તારની ટેકરી પરની આ વસ્તીના લોકો મજૂરી કરી જીવન વિતાવે છે. હિન્દુસ્તાનનો જ એક ભાગ હોવાછતાં જાણે તેનાથી સાવ અલિપ્ત એવી આ વસ્તી પર હજીય સામંતી રિવાજોના ઓછાયાં વરતાતા હતાં. વર્ષમાં એકવાર ભરાતા મોટા મેળાની વસ્તીના સૌ કોઈ લોકો ચાતક નજરે પ્રતીક્ષા કરતાં. મેળામાં પોતાને ગમી ગયેલી

કોઈપણ કુંવારી છોકરીની માંગને સિંદૂરથી ભરી પોતાની ઘરવાળી બનાવી શકે તેવો રિવાજ પ્રચલિત હતો. સ્ત્રી-પુરુષો બંને મેળામાં મઘમઘવાની તૈયારી ઘણાં સમય પહેલાથી શરૂ કરી દેતાં. વસ્તીની મુગ્ધાઓ પણ આ મેળામાં પોતે કોઈપણ પુરુષની ઘરવાળી બની શકે તેવી માનસિક તૈયારી રાખતી. તે માટે મા ભવાનીને પ્રાર્થના પણ કરતી કે તેને સુખી ઘરનો સ્વામી મળે. મેળાના દિવસે અમોલી તેની માની નજર ચૂકવી બુઢ્ઢિકા બાલ ખાવાની અને મેળે હિલ્લોળા લેવાની અદમ્ય ઈચ્છાથી મેળામાં પહોંચે છે. ત્યાં ઢોલના તાલે નાચતી અમોલીની કોરી સેંથીમાં એક જમીનદાર સિંદૂર ભરે છે ત્યારે અમોલી સિંહની ત્રાડ જેવી ચીસ પાડી ઉઠે છે. તેને આ મોટી ઉંમરના પડછંદ જમીનદાર પ્રત્યે તીવ્ર ઘૃણા ઉપજી આવે છે. બાપથીય મોટી ઉંમરના, ટાલિયા એવા બુઢ્ઢા જમીનદારને તે પોતાના સ્વામી તરીકે સ્વીકારવાનો ઈન્કાર કરે છે. માની ઘણી સમજાવટ છતાંય અમોલી આવી સામંતી પ્રથાનો સ્વીકાર કરવાને બદલે મોતને વહાલું કરે છે.

બીજાના જીવનમાં બનતી ઘટનાઓના ન્યૂઝ વાંચતી ન્યૂઝરીડરના પોતાના જીવનમાં પણ કોઈ ઘટના ઘટે છે ત્યારે સમાજથી છૂપાવવા કેવું મૂખોટું ધારણ કરવું પડે છે તેની વાત **'ન્યૂઝરૂમ'** વાર્તામાં થઈ છે. વાર્તાની સમાંતરે વાર્તાકાર ન્યૂઝના રૂપમાં એક ઘટના વર્ણવે છે કે એક સ્ત્રી તેના પતિને સળગાવી દે છે. પત્નીને પૂછતા તે જણાંવે છે કે, જ્યાં સુધી વેઠાયું ત્યાં સુધી વેઠયું પણ જ્યારે નો'તું વેઠાતું ત્યારે રોજેરોજની ઝંઝટમાંથી મુક્ત થવા તેને સળગાવી દીધો. અહીં વાર્તાકાર એ સ્પષ્ટ સંદેશો આપવાનો પ્રયત્ન કરે છે કે સ્ત્રીએ સહનશીલતાની મૂર્તિ જરૂર છે પરંતુ પાણી જ્યારે માથા ઉપરથી વહી જતું લાગે ત્યારે તે રણચંડી બનતા પણ અચકાતી નથી. વાર્તાનાયિકા-ન્યૂઝરીડર-માધવીનો પતિ સુકેતું પણ સિગારેટના ડામ માધવીની પીઠ અને સાથળ પર ચાંપતો હતો. પતિનો આ અત્યાચાર રોજનો બની જતાં હવે તેને સહન કરી શકે તેમ નથી તેથી તેનો પ્રતિકાર કરે છે અને બને છે એક હચમચાવી નાખે તેવા સનસનીખેજ ન્યૂઝ.

'ઘરનં-૧૩'માં પડોશીનું મકાન વેચવા કાઢયું છે એ સમાચાર વાંચી બેબાકળી બનેલી રક્ષ્નોની વાત આલેખાઈ છે. જુવાનજોધ દીકરીની મા એવી રક્ષ્નોના મનમાં આવનાર પડોશી કેવા હશે? તેની ચિંતા તેના મનનો કબજો લઈ લે છે. પડોશનું મકાન ખરીદનાર કોઈ જુવાનજોધ છોકરો હશે ?, વધારે છોકરા છૈયાવાળું હશે ?, વસ્તાર વગરનું કોઈ હશે ? કે પછી કોઈ મુસલમાન હશે તેની બેચેની તેને કોરી ખાય છે. હિંદુ મણિયાતેલી કરતા પ્રામાણિક એવા મુસ્લીમ નૂરમહંમદનો સ્વભાવ સારો છે એનો જાત અનુભવ હોવા છતાંય કોઈ મુસ્લીમ આ મકાન ખરીદે તે તેને પસંદ

નથી. અહીં મકાન વેચાઈ જતાં રહેવા આવનાર વ્યક્તિ કેવી હશે એ અજંપો રજ્જોને બેચેન બનાવી મૂકે છે. અહીં વાર્તાકારે પડોશના વેચવા કઢાયેલા મકાનની ચિંતા જેવી નાની અમથી વાતને લઈ સરસ વાર્તા આપી છે.

એવાં કેટલાય લોકો છે જે આખાબોલા હોય છે પરંતુ તેમના આ સ્વભાવને લોકો 'એબ્નોર્મલ'માં ખપાવી દેતા હોય છે. તે પ્રકારની વાત **'એવીને એવી'** વાર્તામાં કહેવામાં આવી છે. વાર્તાનાયિકા કોઈ અજાણ્યા વ્યક્તિને 'મારે એક પશ્ન પૂછવો છે?' એવું કહીં પોતાની વાત શરૂ કરે છે. વાર્તા આગળ વધે છે તેમ તેમ જેને આપણે પારકી પંચાત કહીએ એવી કેટલીય વાતો તે કહે છે. તેનો ગમો-અણગમો, લોકોનો સ્વભાવ, આવડત-અણઆવડત જેવી માથાપચ્ચીસી કરતી અનેક વાતો તે કહે છે. પરંતુ પ્રશ્ન પૂછતી નથી. વાર્તા અંતે શ્રોતા કે ભાવકને તેની આ વાતો સાંભળી પોતે એબ્નોર્મલ થઈ જશે એવો ભય જન્મે ત્યારે તેવા સમયે તે પ્રશ્ન પૂછે છે કે, શું હું એબ્નોર્મલ છું ? મને સાઈકિયાટ્રિસ્ટની જરૂર છે. તમે શું માનો છો ? પ્રશ્નનો ઉત્તર આપવાનું ભાવક પર છોડી વાર્તાકાર અહીં વાર્તાનો અંત લાવે છે.

પરપુરુષ સાથે અવૈધ સંબંધ રાખતી સાસુ વિશેની અભદ્ર ટીપ્પણીઓથી અકળાયેલ તુકારામ પોતાની સાસુ સાથે ઘનીષ્ઠ સંબંધ રાખતી પોતાની પત્નીને મોતને ઘાટ ઉતારી જેલવાસ ભોગવે છે. તેની વાત **'રિહાઈ'** વાર્તામાં નિરૂપાઈ છે. મોં પર ચાઠાવાળા ચોત્રીસ વર્ષીય તુકારામ આખરે સુમિ સાથે લગ્ન કરી પોતાના દામ્પત્યજીવનની સુમધુર શરૂઆત કરે છે. પોતાની પત્નીની વેણીમાં ખોસવા ફૂલો લઈને તુકારામ હવે દરરોજ રાત્રે ઘરે વહેલો આવે છે. પણ રોજેરોજ તેનો આ ઉમળકો તેની સાસુને લીધે સૂકાયેલા ફૂલોની જેમ કરમાઈ જાય છે. સુમિની મા પોતાના કરતા સુમિના ઘરે વધુ રહે છે. વાતોમાં, રાતોમાં, લહેકામાં, લટકામાં એમ દરેક જગ્યાએ સુમિની મા હાજર હોય છે જેથી તુકારામ પોતાના જ ઘરે પારકુ જીવન જીવે છે. વળી સુમિની મા વિશે ઓફિસમાં અભદ્ર ટીપ્પણીઓ તે સાંભળે છે. પહેલા તો સાચુ માનવા તૈયાર જ નથી થતો પરંતુ એકવાર લોકોના કહ્યા પ્રમાણે તેને જુએ છે ત્યારે આવેશમાં તે રાતોચોળ થઈ જાય છે. ઘરે પત્ની પણ પોતાની મા વિશે કઈ પણ ખરું ખોટું બોલવાની ના પાડે છે જેથી આવારા સાસુને લીધે અપમાનિત થતો તુકારામ પોતાની દીકરી સંતીની સામે જ પત્નીને સળગાવી મૂકે છે. તુકારામને જેલવાસ થાય છે તે દરમિયાન તેની દીકરી સંતીને એક ગંદી સ્કૂલમાંથી એક માસ્તરણી તેને સારી હોસ્ટેલમાં મૂકે છે. મા-બાપની ગેરહાજરીમાં જ સંતી મોટી થાય છે, વકીલ બને છે. તુકારામની રિહાઈના દિવસે તે જેલમાં પોતાના

પિતાને લેવા આવે છે. અહીં વાર્તાકારે સ્ત્રીના જુદાં-જુદાં રૂપો વર્ણવ્યા છે એક સાસુ, પત્ની, દીકરીને સાચવનાર માસ્તરણી અને પોતાની વકીલ દીકરી. સ્ત્રીના જુદાં-જુદાં રૂપો વર્ણવી વાર્તાકારે આ વાર્તાને મુઠ્ઠી ઉંચેરી બનાવી છે.

દર શુક્રવારે સાંજે પોતાના ડ્રાઈવર પતિની સજીધજીને રાહ જોતી નિમ્મોને પોતાના પતિના બીજી કોઈ ઔરત સાથેના લફરાની જાણ થાય છે ત્યારે તેના જીવનમાં જે ભૂકંપ આવે છે તેની વાત **'શુક્રવારની એક સાંજ'** વાર્તામાં નિરૂપાઈ છે. સજ્જુ ટ્રક ડ્રાઈવર છે, જે રાજસ્થાનના ફેરા કરતો અને દર અઠવાડિયે શુક્રવારની સાંજે ઘરે આવતો. પોતાના પતિનું મિલન ઝંખતી નિમ્મો પોતાની દીકરી રાનુને પોતાની મિત્ર વેણલીને ત્યાં મૂકી આવતી. ઘરે આવી નવોઢાની જેમ પોતાના પતિની રાહ જોતી નિમ્મોને મળવા સજ્જુ શુક્રવારની છુટ્ટીના દિવસે નિયમિત સમયસર ઘરે આવી જતો. સજ્જુ નિમ્મોને રાજસ્થાન દેખાડવાના સપના બતાવતો ત્યારે નિમ્મોને સજ્જુ પર અપાર વહાલ ઉભરાઈ આવતું. પતિના બીજી ઔરત સાથેના લફરાથી અજાણ નિમ્મો આજે આ લફંગાનો શો ભરોસો, રખેને તે આબરૂ લઈ જાય એ ડરથી દરવાજા પાસે આવી જોરજોરથી બહાર બેઠેલા ચીન્નીને ભાંડવા લાગી, ત્યારે સામે સળગી ઉઠેલો ચીન્ની 'ચૂપ મર, કમજાત ઔરત...' કહી તેને ચૂપ કરી દે છે. અચાનક નિમ્મોને તેના પતિ સજ્જુ અને ચીન્નીના પગે પડી કરગરતા પતિના મુખેથી બીજી ઔરત સાથેના તેના સંબંધની જાણ થાય છે...જે સાંભળી નિમ્મો થાંભલો બની જાય છે. અહીં નિમ્મો જે ચીન્નીથી ગભરાતી હતી તે ચીન્ની તેનો રખેવાળ બને છે અને જે પતિ પ્રત્યે અપાર વાત્સલ્ય હતું તે કોઈ બીજી સ્ત્રીમાં જ ધૂત હતો તેની જાણ જ્યારે નિમ્મોને થાય છે ત્યારે તેના પગ તળેથી ધરતી સરકી જાય છે...

લોકોનું કામ કરી ખુમારીપૂર્વક જીવતી કામવાળી બાઈ બેલ્લીની સામે સાધન સંપન્ન પરિવારની સ્ત્રીની લાચારીની વાત **'બેલ્લી'** નામક વાર્તામાં રજૂ થઈ છે. બેલ્લી ગરીબી અને અભાવથી પીડિત હોવા છતાં ખુદારીપૂર્વક-મનમરજીથી જીવતી આધુનિક સ્ત્રીછે. તેનાથી બે-ત્રણ વર્ષ નાના રશીદ સાથે પરણેલી ત્યારે તેના ઘરના લોકો દ્વારા ઘણું સમજાવ્યા છતાં તે રશીદને જ વળગી રહી હતી. બાંધેલા ઘરોમાં ચા-નાસ્તાની કે કોઈ ગળી વાનગીની એ જરાય ઓશિયાળી નહોતી. ઉલટું, સાંજે ઘેર જઈને ગરમા-ગરમ બનાવીને જ તે જમતી. રશીદ દ્વારા તેને મારપીટ કરવામાં આવે છે ત્યારે તે તેનો સખત પ્રતિકાર કરે છે. રસ્તામાં મારેલ એક લાફાના બદલામાં તેને બચકું ભરી લોહીલુહાણ કરી નાખે છે. અને હવે તેને નિભાવી શકાય તેમ નથી એવું લાગતા તે

કોર્ટમાં જઈને છૂટાછેડા પણ લઈ લે છે. જ્યારે તેનાથી ઉલટું તેની સામે સાધન સંપન્ન પરિવારની સંસ્કારી અને શિક્ષિત સ્ત્રીની પીડા દયા ઉપજાવે તેવી છે. શ્યામાનો પતિ વ્યભિચારી છે, બિઝનેસ ટૂરના નામે લફરાં કરે છે. બેલ્લી જેવી કામવાળી બાઈ પર પણ ખરાબ નજર નાખતો હોવાછતાં તે આવા હલકટ પતિને છૂટાછેડા આપી શકતી નથી. વાર્તાકારે અહીં સંપન્ન પરિવારની સ્ત્રીની લાચારી અને 'સંસ્કારી' પુરુષની હલકટાઈને ચંચલ બેલ્લીના પાત્ર દ્વારા ઉજાગર કરી છે.

રસહીન બની ગયેલા દામ્પત્યજીવનમાં મધુરતા લાવવાનું કામ કરતા એક-મેકના પત્રોથી રચાયેલી વાર્તા એટલે **'પમ્મી-ભપ્પીની વાર્તા'.** આ વાર્તાનું કથાબીજ સાવ નહીંવત છે. છતાં સંગ્રહની સરસ વાર્તા બને છે. લગ્ન પછીના થોડા વર્ષોથી નીરસ બનતા જતાં દામ્પત્યજીવનથી પમ્મી દુઃખી છે. તેને હવે પોતાનું જીવન જાણે રસ વિનાના શેરડીના સાંઠા જેવું લાગે છે. ટી.વી પર જોયેલા પ્રોગ્રામનું અનુસરણ કરતી તે રાત્રે એકાંતમાં પોતાના પતિ ભપ્પીને સહજતયા એક પત્ર લખે છે. જેમાં પોતાના નીરસ અને વાસી થઈ ગયેલા લગ્નજીવન વિશે, ટી.વી.નું રીમોટ સંતાડીને ગુસ્સે કરવા વિશે, પોતાના ગમા-અણગમા વિશે, મજાક-મસ્તી ભરી અનેક વાતો લખે છે. ત્યારે સામે ભપ્પી પણ આ પત્ર વાંચી જવાબ રૂપે લખીને મજાક કરી લે છે. તેમનું લગ્નજીવન નીરસ બનવાના કારણો અને પ્રસંગોની છણાવટ કરે છે. હિન્દી ફિલ્મોમાં બને છે બરાબર તેમજ અહીં પણ પમ્મી અને ભપ્પી પોતાનું દુઃખ, રીસામણા, માન-અભિમાન એ બધુંજ ભૂલી જઈને એકબીજાને વધાવી લે છે અને એક નવા જ જીવનની શરૂઆત કરે છે. અહીં સહજતાથી લખાયેલા પત્રોની પ્રયુક્તિ વાર્તાને નવું બળ પૂરું પાડે છે.

બરાબર બે વર્ષ, છ મહિના અને સાત દિવસની પૂલ બંધાવાની લાંબી પ્રતિક્ષા બાદ પણ પોતાને પ્રિય એવી ચિત્રા કહ્યા પ્રમાણે મળવા આવતી નથી ત્યારે નાયકના મનમાં બંધાયેલો સંબંધનો પૂલ તૂટી જાય છે એ વાત **'પૂલ'** વાર્તામાં આલેખાઈ છે. રસ્તાના સામે છેડે ઓફિસમાં કામ કરતી અને બ્રેક ટાઈમમાં હરિયાની લારીએ ચા પીવા આવતી ચિત્રા સાથે નાયકને મિત્રતા બંધાઈ હતી. નાયક તેને જોઈને સ્વપ્નની દુનિયામાં રાચતો હતો. એકબીજાને પત્રો લખતા કે મોબાઈલમાં એસ.એમ.એસ. કરી લેતા એકબીજાની નજીક આવતાં જતાં હતાં. લાંબા સમય સુધી ન મળાય તો પણ સંબંધનું આ બંધાયેલું રૂપ ટકે જ – એવી જાણે શરતને આધીન રહી પૂલ બંધાયા પછી જ હવે તેઓ મળશે એવું નક્કી થાય છે. બરાબર બે વર્ષ, છ મહિના અને સાત દિવસ પછી પૂલ બંધાઈને તૈયાર થાય છે. આજે સાંજે ચિત્રા મળશે એવા વિચારોમાં ખોવાયેલ નાયક હરિયાની લારી પાસે

તેની રાહ જુએ છે...ચિત્રા આવતી નથી...અને વર્ષોની પ્રતિક્ષા પછી બંધાયેલો સંબંધનો પૂલ તૂટી જાય છે.

આ સ્વાર્થી દુનિયામાં કોઈ અતિશય ભોળા કે દયાળુ આદમીને લોકો કેટલી આસાનીથી 'બેવકૂફ'નું લેબલ લગાડી દે છે તે વાત **'આકીન'** વાર્તામાં નિરૂપાઈ છે. આકીન ખૂબજ હોંશિયાર, ઈમાનદાર, દયાળુ અને પ્રામાણિક છતાં ખૂબ જ ભોળો વ્યક્તિ હતો. આકીન સિલાઈકામ કરીને કંતાઈ ગયેલી, વાંકાં વળી ગયેલાં ટેરવાવાળી ગરીબ માને આ નર્કભરી દુનિયામાંથી બહાર કાઢવા ઈચ્છતો હોવા છતાંય તે તેમ કરી શકતો નથી. અત્યંત ભોળો આકીન બાળપણમાં ગરીબ મિકેનિક બાપે ઉમંગથી લઈ આપેલ સ્લેટ, પેન, લંચબોક્ષ, વોટરબેગ અને ચોકલેટ સ્કૂલમાં જ્યારે કોઈ ખાલી હાથ તેના ભણી લંબાતો ત્યારે એ સઘળું તેને આપી દેતો. નોકરી માટે ગુણવત્તાના ધોરણે તેની પસંદગી થવાની હતી ત્યારે તે નોકરી કોઈ ઓશિયાળા અને કરગરતા બે માસના બાળકના ગરીબ બાપ માટે છોડી દીધી હતી. બાળપણમાં તેના ભોળપણ માટે તેનો બાપ અને જુવાનીમાં નિરાધાર મા તેની આ વર્તણૂંક માટે તેને 'બેવકૂફ' સમજવા લાગી હતી. મૂળ કાયમી જગ્યા માટે ઈન્ટર્વ્યુમાં આગળ હોવા છતાંય તે 'કોઈક' વ્યક્તિ માટે મેનેજરની 'ચાલ'માં ફસાઈ તે નોકરીનો ત્યાગ કરે છે. વારંવારની તેની આ પ્રકારની વર્તણૂંક માટે લોકો હવે તેને 'બેવકૂફ' જ નહી પરંતુ 'બેવકૂફોનો સરતાજ' કહે છે. આ દુનિયા કેટલી સ્વાર્થી અને કપટથી ભરેલી છે કે જ્યાં ભોળા માનવીની કોઈ જ કદર હોતી નથી તેવો સૂર આ વાર્તામાં વ્યક્ત થયો છે.

પતિની પ્રેમિકાથી વ્યથિત નાયિકા પરિણિત પુરુષને ચાહવાથી પસ્તાયેલી સ્ત્રીની સામે મૂકાય ત્યારે કેવી સ્થિતિ આકાર લે છે તેની વાત **'જ્યા 'યુ' ટર્ન વર્જિત છે...'** વાર્તામાં આલેખાઈ છે. વાર્તાનાયિકા અને સંજીવનું લગ્નજીવન ખુબજ મોજથી પસાર થતું હતું, પરંતુ જેના વિશે સ્વપ્નમાં પણ ના વિચાર્યું હોય તેવો સંજીવ બે-ત્રણ દિવસ માટે ઓફિસના કામે તાત્કાલિક બહાર જવાના બહાના હેઠળ શહેરની જ એક હોટલમાં પોતાની પ્રેમિકા સાથે રહેતા પકડાઈ જાય છે. અચાનક લગ્નજીવનમાં આવેલા આ પ્રકારના તુફાનથી ગુસ્સે ભરાયેલી નાયિકા જુનાગઢની બસ પકડી મામાને ત્યાં જતી હોય છે. તેની બાજુમાં જ બેઠેલી એક પરિણિત પુરુષથી છેતરાયેલી યુવતીનો તેને ભેટો થાય છે. વાર્તાનાયિકાને તેની બાજુમાં બેઠેલી આ યુવતી જાણે તેની કટ્ટર હરીફ હોય તેમ લાગ્યું. પોતાનો માળો આ જ યુવતીએ પીંખી નાખ્યો હોય તેમ તેના પર ક્રોધ ચડયો. બીજાના માળાને પીંખનારની સાથે આવું જ થાય તેમ કહેવાનું મન થઈ આવ્યું. પરંતુ, બંને સ્ત્રીઓ આખરે

પુરુષજાતથી જ છેતરાઈ હતી એ સત્ય હકીકત હતી. આસ્વાદ્ય અને સંકુલ ભાવપલટાઓ સાથે આલેખાયેલ આ વાર્તા સંગ્રહની સરસ વાર્તા બની છે.

સિનેમાના પડદા પર દેખાતી ઝાકઝમાળ પાછળ રહેલી હકીકત ભાગ્યે જ લોકોની નજરમાં આવતી હોય છે તેના તરફ ઈશારો કરતી વાર્તા એટલે **'એક હતી નીલુ'**. નાના શહેરમાં કોલેજની મોડેલિંગ સ્પર્ધા જીતીને અભિનેત્રી બનવાના અભરખા સાથે મુંબઈ આવેલી નાયિકા સફળ થવા હવાતિયાં મારી રહી છે. વારંવારના પ્રયત્નો છતાં તે નિષ્ફળ જાય છે. કોઈ કોઈ જગ્યાએ નાના-નાના રોલ મળે છે છતાં તે સફળ થતી નથી. વારે વારે બાળપણની મોજ મસ્તી કરતી, સંતા-કૂકડી કે પકડદાવ રમતી નીલુની યાદ આવે છે પણ મુંબઈ જેવા શહેરમાં વ્યક્તિ કામથી ઓળખાય છે જેનો આ અભિનેત્રીમાં અભાવ છે. શાખ બચાવવા માટેય કેવા-કેવા ઠઠેડા કરવા પડે તેની વાત અહીં વર્ણવાઈ છે. સિને જગતમાં ખ્યાતનામ અભિનેતા કે અભિનેત્રીના રૂપ પાછળ મરનારા લોકોય આખરે સાથ છોડી દેતા હોય છે તે વાત એક સુપ્રસિદ્ધ અભિનેત્રીના આપઘાતના સમાચાર દ્વારા વાર્તાકારે અહીં પ્રગટ કરી છે.

'સંજુનો કાગળ' એ બાળકને કેન્દ્રમાં રાખીને લખાયેલી વાર્તા છે. મોટા ભાઈની મસ્તી છતાં નાના ભાઈને 'સીધો દોર' કરવા હોસ્ટેલમાં મૂકવામાં આવે છે. ઘરનાં બધાંય જાણે છે કે, મસ્તી મોટો જ કરે છે, બાપુ ગમે તેટલા ગુસ્સે ભરાવા છતાંય નાનો કયારેય સામે બોલતો નથી, માને કામમાં મદદપણ તે જ કરતો હોવા છતાં તેને સજારૂપ હોસ્ટેલમાં મૂકાય છે. હોસ્ટેલની અગવડ અને શાળામાં અણગમતા વિષયો ભણવાની અનિચ્છા છતાં દિવસ વેંઢારતો સંજુ વારે વારે પોતાની માને યાદ કરે છે. બાળ સહજ ચેષ્ટા ધરાવતો સંજુ આખરે આ પ્રકારની સજા ભગવાને મને જ કેમ કરી એવું વિચારી ભગવાનને લાગણી સભર પત્ર લખે છે. સવારે શાળામાં, બપોરે જમતી વખતે પ્રાર્થના કરી ભગવાનને યાદ કરવા છતાંય તે પ્રગટ થતા નથી એ વાતનો મીઠો ઠપકો પણ સંજુ કાગળમાં લખે છે.વાર્તાકારે અહીં એક બાળકની નજરથી સમગ્ર ઘટનાને સરસ રીતે વર્ણવી છે.

નાની બાળકી પંખીની જાતીય સતામણી કરનાર બીજુ કોઈ નહી પણ પોતાનો જ પતિ અનિલ છે એ જાણી પતિ પ્રત્યે તીવ્ર નફરત કરતી વાર્તાનાયિકા-શુભાની વાત **'બહારનો માણસ'** વાર્તામાં વર્ણવાઈ છે. પંખી રોજ તેની મિત્ર નિશી સાથે રમવા શુભાને ઘરે આવે છે. શુભાનો પતિ અનિલ પોતાને ગમે તેટલુંય કામ કેમ ન હોય તે બધું જ છોડીને પંખી અને નિશી સાથે આંધળી ખિસકોલી રમતો. છેલ્લા ત્રણ દિવસથી પંખી નિશીના ઘરે રમવા આવી નથી, કારણ પૂછતા પંખી

એટલું જ કહે છે, અંકલે ગંદુ ગંદુ...કર્યું હતું, તેને બચકું ભર્યું હતું. જેથી ડરની મારી હવે તે સ્કૂલે પણ જતી નથી. પંખી સાથે થયેલી આ ઘટનાથી નિશી પણ હેબતાઈ ગઈ છે. આ આખી વાત શુભા જે સખી મંડળમાં જાય છે ત્યાં મહોલ્લાની બધી સ્ત્રીઓ વચ્ચે થાય છે. વાતવાતમાં સુજાતાબહેન કહે છે,"શુભાબહેન, પંખી તમારી ઘેરેય નિશી સાથે રમવા તો આવે જ છે, નઈ ?" સુજાતાબહેનની આ વાત સાંભળી શુભાબહેનના મનમાં ધ્રાસકો પડે છે. તે વિચારે છે કે, આ આંધળી ખિસકોલી રમાડનાર બીજું કોઈ જ નહિ પણ તેનો પતિ અનિલ જ હતો. તેની સતામણી કરનાર કોઈ બહારનો માણસનહિ પણ પોતાનો પતિ અનિલ. જે ઘરનો હતો અને જેની સાથે આટલાં વર્ષોથી હું રહેતી હતી. તેને પતિ પ્રત્યે ભારોભાર નફરત થઈ આવે છે. વર્તમાન સમાજમાં વ્યાપેલ આ બદીને વાર્તાકારે વાર્તાના માધ્યમથી અહીં વાચા આપવાનો પ્રયત્ન કર્યો છે.

મહાસુખરામ ઉર્ફ બાબાભાઈની ગામડાથી શહેર અને સુખ-સાહ્યબીમાંથી સ્વાર્થી અને મતલબી સંબંધ સુધીની સફર એટલે **'ધુમ્મસ'** વાર્તા. નંદલાલના ઘરે ચાર-ચાર દીકરીઓ પછી પુત્રરત્ન એવા મહાસુખરામનો જન્મ થાય છે. મહાસુખરામ સાચે જ નસીબના બળિયા સાબિત થાય છે. હવે તેને બધા બાબાભાઈથી બોલાવતા. પાટલેથી ખાટલે અને ખાટલેથી પાટલે ઉછરેલા બાબાભાઈનો અડોશી-પડોશીથી માંડી ગામમાં પણ વટ પડતો. તેને જોવા માટે ગામની વહુઓ રસ્તામાં ઊભી રહી જતી તો જુવાનીયાઓ ભાઈબંધ બનાવ્યાનું મહાસુખ મેળવતા. ડોશીઓ મંદિરોમાં જઈ વહુઓ માટે બાબાભાઈ જેવા દીકરાનો જન્મ થાય તેવી પ્રાર્થના કરતી તો ડોસાઓ પૌત્રને મહાસુખરામ જેવા બનવાની સલાહ આપતા. આવા સુખ-સાહ્યબીમાં માન-સમ્માનથી ઉછરેલા બાબાભાઈ બારમું ધોરણ તાલુકામાં પ્રથમ નંબરે પાસ થઈ મામાને ત્યાં અમદાવાદ ભણવા જાય છે. સિલાઈનું કામ કરતા મામાને ત્યાં બાબાભાઈના આવવાથી ધંધામાં ઉછાળ આવે છે. મામા-મામી ખુશ ાને બાબાભાઈ પણ ખુશ. થોડા જ સમયમાં અમદાવાદની ઝાકઝમાળમાં તે ગામડું અને બાળપણની મિત્ર રૂખીને પણ ભૂલી જાય છે. કોલેજમાં તેના ઘણાં મિત્રો બને છે. મોકળા મને દોસ્તી થાય છે. કાંકરિયા એકબીજાના હાથમાં હાથ નાખી ફરવા જાય છે. પરંતુ જેવા ત્રણ વર્ષ પૂરા થયા ત્યાં જ તેની સાથેની યુવતી સાથ છોઢી ચાલી જાય છે. એક સ્વાર્થથી ભરેલો સંબંધ તૂટી જાય છે. બાબાભાઈનું મન કામમાં ન લાગતા હવે મામી પણ તેને ગામડે જવાની પરવાનગી આપી દે છે. ગામડુંસાવ બદલાઈ ગયું હતું. દોસ્તો ઘટી ગયા હતા, રૂખીની કાખમાં છોકરું આવી ગયું હતું. આ બધું જાઈ જે ઉમળકાથી તે ગામડે આવ્યો હતો તે ઉમળકો જાણે ધુમ્મસ બનીને ઊડી જાય છે.

પતિના બોગસ એન્કાઉન્ટરને સગી આખે જોઈ જનારી પત્નીનું પણ બોગસ એન્કાઉન્ટર ન થઈ જાય તે માટે તે માટે તેને બચાવવા મેદાને પડેલા પોલિસ ઓફિસરની બહાદૂરીની વાત **'દૂર ચાલ્યો જતો એક મુલક'** વાર્તામાં આલેખાઈ છે. કશ્મીરથી હૈદરાબાદ સંબંધીને ત્યાં લગ્નપ્રસંગમાં આવેલ પરંતુ કશ્મીરના કોઈ ગુનાહિત સંગઠન સાથે સંડોવાઈને સંગઠનના બાતમીદારનું કામ કરતો આમીર પોલીસ વોચ દરમિયાન ઝડપાઈ જાય છે. અને કોઈપણ પ્રકારનો ગુનો દાખલ કર્યા વિના જ તેને ઠાર મારવામાં આવે છે. આ બધુ સગી આંખે જોઈ ગયેલી તેની પત્નીને પણ પકડીને પોલીસ જીપમાં બેસાડી ગુજરાત લઈ જવાનું આયોજન કરે છે. જીપમાં બેઠેલી સૌંદર્યવાન કશ્મીરી ઔરતની જીપમાં બેઠેલો પોલીસ છેડતી કરે છે. એટલે મોટા સાહેબ તે જુવાનને બદલે વાર્તાનાયક-પોલીસ ઓફિસરને તેની સાથે બેસાડે છે. જીપમાં સમગ્ર હકીકત તે જાણી લે છે અને હવે ગુજરાતને બદલે કોઈ એકાંત જગ્યામાં લઈ જઈ તેનું પણ એન્કાઉન્ટર કરવાનો તખ્તો ઘડાયો છે તેની તેને જાણ થઈ જાય છે. તેથી આ બેકસુર સ્ત્રીને કોઈપણભોગે બચાવવાનું તે બીડું ઝડપે છે. તક મળતા તે બંને જીપમાંથી નીકળી ભાગી જાય છે. દસ-બાર દિવસો સુધી સતત નાસતાં-ભાગતાં તે ગુજરાત તરફ જતી મુખ્ય સડક પર પહોંચે છે. ત્યાં કોઈ સ્થાનિકના સહકારથી ગુજરાત તરફ જતી ટ્રકમાં ઉલ્ફતને બેસાડી દે છે. એ રીતે એક પરાયી-બેકસુર ઔરતને બોગસ એન્કાઉન્ટરથી બચાવી પુણ્યનું કામ કરી વાર્તાનાયક ધન્યતા અનુભવે છે. વારંવાર થતા એન્કાઉન્ટરથી દ્રવી ઉઠેલાં વાર્તાકારે અહીં માનવ સંવેદના દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

જેમની આખી જીંદગી લશ્કરમાં વીતી છે એવા રિટાયર્ડ દયાલસિંહના લશ્કરી મનપર પડેલા ઉઝરડાની વાત **'ઉઝરડો'** વાર્તામાં કહેવાઈ છે. દયાલસિંહને ફોજમાંથી રિટાયર્ડ થયે છએક મહિના જ થયા હતા. તેઓ સેનામાં હતા ત્યારે જ તેમની પત્નીનું અવસાન થયું હતું તેથી તેમણે એકના એક પુત્રને અભ્યાસ માટે બેંગ્લોર મોકલી આપ્યો હતો. રજાના દિવસોમાં દયાલસિંહ ઘરે આવતા ત્યારે તેના પડોશી લાલચંદ સાથે સતરંજ રમતા પરંતુ હવે પસ્તીવાળા યુવકનું ખૂન કરવા બદલ તેમને જેલવાસ થયો છે. લાલચંદ ખૂબ જ ધાર્મિક માણસ હોવા છતાં તે પસ્તીવાળાની બે મતલબી બૂમોથી કંટાળીને તેનું ખૂન કરે છે ત્યારે દયાલસિંહ તેના આ મૂર્ખામી ભર્યા કાર્ય બદલ તેને 'નોનસેન્સ પીપલ…!' કહે છે. એજ ઘટનાનું પુનરાવર્તન દયાલસિંહ સાથે થાય છે. તેનો પુત્ર નાનો હતો ત્યારે સોસાયટીના એક મકાનમાંથી નારીયેળની ચોરી કરે છે. તેને પડેલા ઉઝરડા જોઈ દયાલસિંહ ગુસ્સે ભરાય છે, ચોરી કરીને ખાવાની મજા જ કંઈક અલગ છે એવું પુત્ર કહે છે ત્યારે દયાલસિંહ પણ તેની

સાથે નારીયેળ તોડવા જાય છે અને તે વખતે તેને પીઠ પર પડેલાં ઉઝરડાં કરતાં મોં પર પડેલાં આનંદના લસરખા ખૂબ ગમે છે. એક દિવસ કેટલાક બાળકો તેના બગીચામાંથી બદામ તોડે છે તેથી ગુસ્સે ભરાયેલા દયાલસિંહ દિવાલે ટીંગાડેલી બંદૂક લઈ એક બાળકને ગોળી મારી દે છે અને બોલે છે, 'શિટટ્...નોનસેન્સ પીપલ...!!!' અહીં ભાવક એ કળી જાય છે કે નોન્સેન્સ ખરેખર કોણ છે.

'નથ્થુનું મોત' વાર્તામાં સવારે છાપું નાખીને લોકોની ચાને લિજ્જતદાર બનાવનાર નથ્થુનું મોત થવાથી ટોળે વળેલા ભદ્રવર્ગની 'સંસ્કારીતા'ને વાર્તાકારે તીવ્રવ્યંગથી ઊઘાડી પાડી છે. સવારના આઠ વાગવા આવ્યાં હોવા છતાં નથ્થુ છાપું નાખવા આવ્યો નથી તેથી તેની રાહ જોતા સોસાયટીના કહેવાતા સંસ્કારી લોકો એકત્ર થાય છે. નથ્થુની મજાક કરતાં આ લોકોના વિચારો દ્વારા નથ્થુની કામવાળી પત્ની સાથેના તેમના સંબંધોની વાત છતી કરી વાર્તાકાર ભદ્રસમાજની ચામડી ઉતારે છે. કહેવાતો ભદ્રવર્ગ એક કામવાળી બાઈને પણ છોડતો નથી જેથી કરીને જ નથ્થુ જેવા ગરીબ આદમીઓએ મોતને વહાલું કરવું પડે છે. તે તરફ વાર્તાકારે તીવ્ર વ્યંગ કર્યો છે.

એક અભ્યાસુ નિરીક્ષક તથા કવિતા અને વાર્તાના સર્જક પન્ના ત્રિવેદીના આ વાર્તાસંગ્રહની મોટાભાગની વાર્તાઓનું કથાવસ્તુ આજુબાજુના સામાન્ય જીવન જીવતાં લોકોનાં જીવનમાંથી જ લેવાયેલ છે. આ વાર્તાસંગ્રહમાં ગદ્ય ઉપરની તેમની પકડ નોંધનીય છે. અહીં એ કહેવું ઉચિત રહેશે કે તેમનું ગદ્ય વાર્તાને નવી ઉંચાઈ આપવામાં સહાયક બને છે. કેટલીક નબળી વાર્તાઓને બાદ કરતા મોટાભાગની વાર્તાઓમાં વાર્તાતત્ત્વની જમાવટ જોઈ શકાય છે. જેમાં – 'રા'ણકૂકડી', 'સફેદ અંધારું', 'અમોલી', 'ન્યૂઝ રૂમ', 'રિહાઈ', 'શુક્રવારની એક સાંજ, 'બેલ્લી', 'પમ્મી-ભપ્પીની વાર્તા', 'આકીન', 'જ્યાં 'યુ' ટર્ન વર્જિત છે...', 'બહારનો માણસ', 'દૂર ચલ્યો જતો એક મુલક' અને 'નથ્થુનું મોત' નો સમાવેશ કરી શકાય. આ સંગ્રહની કેટલીક વાર્તાઓ કેવળ પ્રસંગાલેખન બનીને અટકી જાય છે તેનાથી સાવધાન રહેવું રહ્યું. તેમના સશક્ત સ્ત્રી પાત્રો – અમોલી, બેલ્લી, રજ્જો, ધાની, નીલુ અને ઉલફત તેમને પોંખાયેલાં સ્ત્રી વાર્તાકારોની હરોળમાં બેસાડવાની ગરજ સારે છે.

***સંદર્ભ:** 'સફેદ અંધારું' પન્ના ત્રિવેદી, પ્રથમ આવૃત્તિ- એપ્રિલ ૨૦૧૪, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, પૃ.૧૫૬, મૂલ્ય-૧૪૦

પરિશિષ્ટ: ૩

હિમાંશી શેલત સાથે મુલાકાત

<u>હિમાંશી શેલત સાથે મુલાકાત</u>

યાકુબઃ નમસ્તે હિમાંશીબહેન,

યાકુબઃ બહેન મને એ જણાવશો કે, તમે સાહિત્યસર્જન ક્ષેત્રે પ્રવૃત્ત થયાં એમાં કયા મહત્ત્વના પરિબળોએ ભાગ ભજવ્યો ?

હિ.શે.: પુસ્તકો માટેનો લગાવ અને સંવેદનોના ઉત્કટ અનુભવે આરંભથી જ શબ્દ માટેનું આકર્ષણ ઊભું કર્યું હશે. લેખન તો બહું મોડું, ચાળીસ પસાર થયા પછી, એમ જ કહેવાય. પણ જે અનુભવ્યું એ વહેંચવાની ઈચ્છા તીવ્ર બની ત્યારે વાર્તાલેખન ભણી વળી.

યાકુબઃ એક સર્જકના ઘડતરમાં બાળકિશોરવયનો અને કૌટુંબિક વાતાવરણનો ફાળો સવિશેષ હોય છે એવું તમે માનો છો ? તમારા સર્જક વ્યક્તિત્વને ઘડવામાં આવા વાતાવરણ કે ઘટનાનો કોઈ ફાળો રહ્યો છે ?

હિ.શે.: દાદાજી, કાલિદાસ શેલત, પત્રકાર. સૂરતમાં 'પ્રતાપ' દૈનિકના સ્થાપક અને તંત્રી. ઘરમાં પુસ્તકો થોકબંધ અને સાહિત્યનો મહિમા. લેખકો આવે-જાય, પુસ્તકોની ચર્ચા થાય, અને એમ શબ્દ સાથે જોડાવાની વૃત્તિ સંકોરાઈ હશે.

યાકુબઃ તમારા કયા શિક્ષકે / અધ્યાપકે તમારા મન પર આજેય અંકાયેલી રહી હોય અને સતત પ્રેરણાદાયી બની રહી હોય એવી ઊંડી છાપ પાડી છે.

હિ.શે.: સૂરતની વિશિષ્ટ શિક્ષણસંસ્થા 'જીવનભારતી'નાં શિક્ષકો પણ અલગ, એમની અસર મોટી, પછી એ આચાર્ય ચંદ્રવદન શાહ હોય, ગુજરાતીનાં શિક્ષક ત્રિપુરાબહેન ગજ્જર હોય, સંસ્કૃત ભણાવતા દેવશંકર ઉપાધ્યાય હોય, કોલેજ-કાળમાં અંગ્રેજી વિભાગના ડો.આર. આઈ. પટેલ અને ડો. વિમળબહેન નવલકરની અસર એવી, કે જો અધ્યાપક બનવાનું મન થાય તો આવાં થવું એવી દઢ માન્યતા.

યાકુબઃ તમે અંગ્રેજી સાહિત્યમાં અધ્યયન-અધ્યાપન કર્યું છે તો ગુજરાતી સાહિત્યસર્જન તથા વિવેચન કરવાનું કઈ રીતે બન્યું ?

હિ.શે.: અંગ્રેજીના અભ્યાસે ઘણું બધું આપ્યું છતાં અભિવ્યક્તિ તો માતૃભાષામાં જ હોય એવી સમજ. ભાષા તો આપણા સાંસ્કૃતિક પરિવેશનું અભિન્ન અંગ, એને છોડીને અન્ય ભાષામાં લખવાનું ન ગમ્યું.

યાકુબઃ મને એ જણાવશો કે, વધુ સંતોષ શિક્ષણે આપ્યો કે સર્જને ?

હિ.શે.: મહત્તમ સંતોષ શિક્ષણ કે સર્જને નહીં, મારાં સામાજિક નિસબત ધરાવતાં કામો દ્વારા મળ્યો છે. શિક્ષણે જે સમજ કેળવી તેણે જ મને સક્રિય બનાવી એટલે એનું મૂલ્ય મોટું, પણ સંતોષ તો થયેલાં કામોનો, અને એની સાથે જીવાયેલા જીવનનો.

યાકુબઃ તમારી પોતાની સર્જનપ્રક્રિયા વિશે કંઈક કહેશો ? તમે વાર્તા કઈ રીતે લખો છો? કથાબીજ ક્યાંથી મળે છે ? કોઈ પ્રસંગ કે ઘટના તમને વાર્તા સુધી ખેંચી જાય ?

હિ.શે.: કથાબીજ મોટે ભાગે પાત્રોમાંથી મળે. ક્યારેક ઘટના નિમિત્તે બને છતાં ખેંચાણ પાત્રોનું વધારે. મને એ રીતે નિરીક્ષણ ફળ્યું છે. સમૂહમાં અલપઝલપ મળેલા અજાણ્યા ચહેરાઓ, વાતચીતની ભાષા અને વિવિધ ચેષ્ટાઓ આકર્ષે. પછી એમની આસપાસ ઘટનાઓ આકાર લે, પરિસ્થિતિઓ સર્જાય અને એમ વાર્તા જન્મે. ઉદાહરણ તરીકે ગોડસે સંદર્ભે વાંચેલા કોઈ નાનકડા સમાચાર 'વીરપૂજા' નામની રચનાનું નિમિત્ત બને તો વળી બનારસ ખાતે જોયેલા વિધવાઓના સમૂહની સામે આવી જતાં 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' લખાય.

યાકુબઃ એક વાર્તાકાર તરીકે જેમાં સૌથી વિશેષ સંતોષ થયો હોય એવી તમારી કઈ વાર્તા? એ સંતોષ કેવા પ્રકારનો છે ?

હિ.શે.: છે એવી વાર્તાઓ જે વારંવાર વાંચવી ગમે. એમાં ઉપર ઉલ્લેખ થયો છે એ બે તો ખરી જ, ઉપરાંત 'સ્ત્રીઓ', 'સંદર્ભગ્રંથો', 'મુઠ્ઠીભર હવા', 'જોગણી', 'શબદ', 'માનો છેલ્લો દિવસ', 'ધારો કે આ વાર્તા નથી', 'સાંજનો સમય' વિગેરે. લાઘવ, ભાષા અને રચનારીતિ-સઘળું સંતોષકારક હોય એવી આ રચનાઓ છે એવો અંગત અભિપ્રાય. એમાં કશો ફેરફાર કરવાનું ન ગમે એવી ગણું આ વાર્તાઓને.

યાકુબઃ તમારા વાર્તાસંગ્રહોમાં કયા વાર્તાસંગ્રહમાં તમે સંપૂર્ણ અભિવ્યક્તિ સાધી શક્યાં છો ? શા માટે ?

હિ.શે.: કોઈ એક આખા સંગ્રહ માટે આમ કહેવું મુશ્કેલ.

યાકુબઃ વાર્તા લખવાની શરૂઆત કરી ત્યારે 'આના જેવી લખવી' એવો કોઈ આદર્શ વાર્તાકાર તમારા મનમાં હતો ખરો ? કોઈ વાર્તા ખરી ?

હિ.શે.: કેથરીન મેન્સફીલ્ડની 'ધ ડોલ્સ હાઉસ' અને 'ધ ફ્લાય', મહાશ્વેતા દેવીની 'દ્રૌપદી', મનોજ દાસ અને જયવંત દળવીની કેટલીક રચનાઓ (ઉડિયા અને મરાઠી ભાષાના વાર્તાકારો),

રામનારાયણ પાઠકની 'મુકુન્દરાય', વિભૂત શાહની 'વ્હાઈટ હોર્સ' સરોજ પાઠકની 'ચકિત, વ્યથિત, ભયભીત', ઉમાશંકર જોશીની 'મારી ચંપાનો વર' પસંદ, સમકાલીન સર્જકોનીય અનેક કૃતિઓ પસંદ. 'આના જેવી લખવી' એમ નહીં પરંતુ 'આનું નામ વાર્તા' એમ કહેવાનો ઉમળકો જાગે. આ યાદી બહુ લાંબી છે, ધરી દેવી અશક્ય.

યાકુબઃ સર્જકને પોતાની દરેક કૃતિ ઉત્કૃષ્ટ લાગે એ સ્વાભાવિક છે, છતાં તમે લખેલી કૃતિઓ પૈકી એવી કઈ એક કૃતિ છે જે તમને ખૂબજ ગમતી હોય ?

હિ.શે.: 'સર્જકને પોતાની દરેક કૃતિ શ્રેષ્ઠ લાગે' એ વિધાન સામે વાંધો છે. સર્જકમાં જો એક જાગરૂક વિવેચક હયાત હોય તો આવું બિલકુલ ન બને. પોતાની નબળી રચનાને એ આંગળી મૂકીને દેખાડી શકે, તટસ્થભાવે. એ રીતે મારી પસંદગીની રચનાઓનાં થોડાં શીર્ષક આપી ચૂકી છું.

યાકુબઃ અંગત સમસ્યાઓ સર્જનને અસર કરે છે ખરાં ?

હિ.શે.: સદ્ભાગ્યે અંગત સમસ્યાઓ ઓછી આવી છે, અને જે આવી છે તે પણ ઓછી કનડગતવાળી, પણ તીવ્ર વેદનાના દાહક અનુભવો દરમિયાન લેખન પછીતમાં પડી જાય છે એ હકીકત છે. આવી વેદના મારી ન હોય, અને કોઈ અન્યની હોય પણ, એમાં પીડાની માત્રા ઉત્કટ હોય તો લખવાનું ગૌણ સ્થાને આવી જાય.

યાકુબઃ તમને ગમતા એક વિદેશી, એક ભારતીય અને એક ગુજરાતી વાર્તાકાર કયા ? એમની કઈ લાક્ષણિકતાઓએ તમને આકર્ષ્યા ?

હિ.શે.: કોઈ એકનું નામ લેવામાં ખુદવફાઈમાં ઓટ આવે જે મને ન ગમે. વાર્તાકારની પસંદગીમાં મર્યાદા શા સારુ ? વિદેશમાંયે કેટકેટલી ભાષાઓમાં વાર્તાઓ-ઉત્તમ વાર્તાઓ - લખાઈ છે, અને આપણે ત્યાં પરાદેશિક ભાષાઓમાં લખાતી ઉત્કૃષ્ટ રચનાઓનો તોટો નથી, અનુવાદો દ્વારા આ સઘળું આપણને મળે છે. ગુજરાતીમાં પણ કોઈકની હળવી અને રમતિયાળ શૈલીમાં લખાયેલી વાર્તાઓએ, તો કોઈકની ગંભીર વિષયને ઊંડાણથી સ્પર્શવાની સજ્ઞતાએ, કોઈકની નાટ્યાત્મક રજૂઆતે, તો કોઈક વાતાવરણને આલેખવાની તાકાતે આકર્ષી છે. નામો કોનાં, ને કેટલાં લેવાં ?

યાકુબઃ તમે વાર્તા, નવલકથા, નિબંધ, વિવેચન વગેરે અનેક પ્રકારમાં અલગ-અલગ સ્તરનું અર્પણ કર્યું છે. સૌથી વધુ મજા કયા સ્વરૂપમાં આવી ? ઉત્તમ અભિવ્યક્તિ સહજ સાધ્ય શેમાં ? દુઃસાધ્ય શેમાં ?

હિ.શે.: નવલકથા ફાવી નથી. વાર્તા સહુથી વધુ નજીક અને એમાં ફાવટ પણ ખરી, એ પછી નિબંધ અનુકૂળ આવે. હાસ્ય-કટાક્ષ ગમે, છતાં એમાં પ્રદાન ઓછું.

યાકુબઃ મોટાભાગના સ્વરૂપોમાં તમે સર્જન કર્યું છે. તમને કયા સ્વરૂપના સર્જનથી સંતોષ થયો? શા માટે ?

હિ.શે.: અલબત્ત, વાર્તાસર્જનથી જ સંતોષ છે, અન્ય સાહિત્ય સ્વરૂપો જરા વેગળાં રહ્યાં છે.

યાકુબઃ તમને લાગ્યું છે ખરું કે ૬૦ના દાયકામાં રચનારીતિ પરત્વેનો અત્યાગ્રહ અતિરેક પુરવાર થયો ? ગુજરાતી વાચક એના કારણે વાર્તાઓથી વેગળો થયો એ વાત સાથે તમે સંમત થાવ ખરાં ?

હિ.શે.: વાર્તામાં અતિરેક કશાનો ન ચાલે. રચનારીતિ કે શૈલી, પ્રયોગો કે બીજું કોઈ પણ ઘટક. વાર્તાનાં સંવેદન ભાવક સુધી પહોંચે એ માટે તો વાર્તા લખાઈ છે, પછી વાંચનારને કંટાળો આવે, થાક લાગે, કે એ ભારે મૂંઝવણ અનુભવે, તો એ વાર્તા વાંચવાનો જ નથી. જો એ વાંચશે નહીં, તો વાર્તાલેખનનો શ્રમ મિથ્યા. સ્પષ્ટ છે કે શૈલીના વ્યામોહમાં અને રચનાપ્રપંચના નાવીન્યની શોધખોળમાં વાર્તાને કોઈ કાળે ઠીક ઠીક વેઠવું પડયું.

યાકુબઃ આજે ગુજરાતી વાર્તા પલટાઈ છે. તમે આધુનિકવાર્તાઓ લખાતી તે સમયના વાર્તાકાર હોવા છતાંય એનાથી દૂર રહેલા. ૮૦ પછીની વાર્તાઓ વિશે આ બંને ગાળાના સાક્ષી વાર્તાકાર તરીકે તમે સ્પષ્ટતા કરશો કે વાર્તા કઈ બાબતે પલટાઈ ? આ વાર્તાએ વાચકને પાછો કેમ આકર્ષ્યો ?

હિ.શે.: વાર્તા જે વળાંકે જીવન તરફ વળી, કૃતકતા ટાળીને સહજતા તરફ વળી, પાત્રોની ભાષામાં જીવાતા જીવનનો સ્પર્શ પામતી ગઈ, તેમ તેમ ભાવક પુનઃ વાર્તા પાસે જઈ પહોંચ્યો. વાર્તા એ કોઈ કોયડો નથી, જીવનનો નાનો કે મોટો એક ખંડ છે એમ સ્થાપિત થતાં જ વાર્તાને એની યોગ્ય દિશા મળી.

યાકુબઃ તમે જે સમયગાળામાં વાર્તા લખવાની શરૂઆત કરી એ સમય આધુનિક ટૂંકી વાર્તાઓનો સુવર્ણકાળ કહી શકાય. તમે તમારા સમયના વાર્તાકારોથી અલગ કેડીએ કેમ ચાલ્યાં ? તમને એ બધાના જેવું લખવાનો મોહ ન્હોતો થયો ? અલગ લખવાનો ડર ન લાગ્યો?

હિ.શે.: મેં વાર્તાલેખન આરંભ્યું એ ગાળામાં પણ એવાં સર્જકો હતાં જે આધુનિક વાર્તાશૈલીના મોહમાં પડયાં નહોતાં અને પોતાની રીતે જ વાર્તા લખતાં. એમાં ભગવતીકુમાર શર્મા કે કુન્દનિકા કાપડીઆ, સરોજ પાઠક કે ધીરૂબહેન પટેલ, વીનેશ અંતાણી કે વર્ષા અડાલજાને યાદ કરી શકાય. નિજી સમજ મુજબ લખવું, અને પ્રવાહમાં ખેંચાવાને બદલે પોતાની સમજને વફાદાર રહેવું એ

શબ્દને આરાધનાં તમમ માટે સાચું નહીં ? એમાં ડર ક્યાં, અને શેનો ? સર્જન-લેખન એટલે સાહસ અને સ્વતંત્રતા.

યાકુબઃ અંગ્રેજી દ્વારા તમને અનેક ભાષાઓના સાહિત્યનો પરિચય છે. અન્ય સાહિત્યોને મુકાબલે ગુજરાતી સાહિત્ય કેવું લાગે છે ?

હિ.શે.: અન્ય ભારતીય ભાષાઓ કે અંગ્રેજીના માધ્યમથી આપણા સુધી પહોંચતું વિશ્વનું સાહિત્ય અંતે તો મનુષ્યની જ સરજત છે એટલે એમાં સરખામણી કે સ્પર્ધા ન હોય તે ઉત્તમ, એ રીતે મહાશ્વેતા દેવી પણ આપણાં, અને ટોની મોરીસન પણ આપણાં, છતાં વિચારવું જ હોય તો આપણી ભાષામાંયે સારું લખાય છે અને લખાતું જ રહેશે.

યાકુબઃ આપણે ત્યાં વિદેશી અને અન્ય ભારતીય ભાષાઓમાંથી અનુવાદ થઈને અનેક કૃતિઓ આવી છે. પરંતુ અંગ્રેજીના કે અન્ય ભાષાઓમાં ગુજરાતી ભાષાનું ઉત્તમ સાહિત્ય પહોંચતું નથી. આ વાતને તમે કેટલા અંશે સાચી માનો છો ? કેવી રીતે ?

હિ.શે.: આપણું ઉત્તમ બહાર ઓછું પહોંચે છે એ હકીકત છે. એમાં મુખ્ય મુશ્કેલી અંગ્રેજી ભાષાના અભ્યાસની છે, અને અંગ્રેજી પુસ્તકો પ્રગટ કરવા તૈયાર એવા પ્રકાશકોની ખોટ પણ આ પ્રદેશમાં ખરી, આમ અંગત અનુભવને આધારે કહી શકું. ગણ્યાં ગાંઠયાં અનુવાદકો, અને સમયબદ્ધ કામ કરવાની અપૂરતી તૈયારી, તથા આયોજનનો અભાવ આ દિશામાં અવરોધો ઊભા કરે છે.

યાકુબઃ આપણી સાહિત્યિક સંસ્થાઓ ઈનામો - ચંદ્રકો વગેરે આપે છે. એની પદ્ધતિ અને પરિણામથી તમને સંતોષ ખરો ?

હિ.શે.: પારિતોષિક કે અન્ય માન-અકરામનો મુદ્દો સાહિત્ય-સર્જન સાથે સીધો સંબંધ ધરાવે છે. એ જ આવકારદાયક. આ મુદ્દાને હું ક્ષેત્ર બહારનો લેખું છું.

યાકુબઃ તમને અનેક માન-સન્માનો, ચંદ્રકો-એવોર્ડ્ઝ વગેરે મળ્યાં છે. હવે કોઈ પારિતોષિક સ્વીકારવાના મતમાં તમે નથી. આવું કેમ ?

હિ.શે.: આરંભકાળે સ્વીકૃતિની ઈચ્છા કે અપેક્ષા લખનાર રાખે એ સહજ-સ્વાભાવિક ગણીએ તો પણ એ લખનારને તાબામાં લઈ લે, એને બહાવરાં બનાવી મૂકે, એ તો ભયાનક ગણાય. પારિતોષિકો લેખનની ગુણવત્તા વધારતો ગુણવત્તા વધારતાં હોય એવું જાણમાં નથી, એટલે જ્યારે સ્વીકૃતિની કે આત્મસ્થાપનની દશા વળોટી શકાય ત્યારે આ ચક્રમાંથી બહાર નીકળી જવું આવકાર્ય છે. સાહિત્યમાં સ્પર્ધા હોય ?

યાકુબ: આજના ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી સાહિત્યકારો વિશે આપનું શું મંતવ્ય છે?

હિ.શે.: આવાં મંતવ્યો આપવાની પાત્રતા મારી નથી. છતાં મને લેખનક્ષેત્રે ચાલતી કેટલીક ગતિવિધિ વિમાસણમાં મૂકે છે. નાની મોટી સત્તાઓ - પછી એ ધર્મસત્તા હોય, કે રાજ્યસત્તા, કે પછી અન્ય કોઈ સત્તા - એનાથી વેગળાં રહેવું, પોતાનો અવાજ સ્વતંત્ર અને બુલંદ રાખવો એ સર્જક માટે જરૂરી નહીં ? હવે આનો જવાબ 'હા' એમ આવે તો સરકારી પકડમાં રહેતી સાહિત્ય સંસ્થા સાથે કેવો સંબંધ હોઈ શકે ? સરકારી તંત્રની ટીકા કરવાથી સહું કેવાં તૂટી પડે છે તે દેખાતું નહીં હોય ? આ અસહિષ્ણુતા નથી તો બીજું શું છે ? સત્ય ન જોવું અથવા એ ઉચ્ચારવામાં ડર અનુભવવો, એથી આગળ સતત ખુશામતખોરી કરીને, કોઈને નારાજ ન કરવાની વૃત્તિ કેળવીને જે કંઈ લાભ મળે તે ગાંઠે બાંધીને જીવ્યાં કરવું એ સર્જકની પ્રામાણિકતા અને નિષ્ઠા પર મરણતોલ પ્રહાર ન ગણાય ? સાચું જોઈ, કે બોલી ન શકે, એ તે કેવો સર્જક ? સરેરાશ મૂલ્યનિષ્ઠ વ્યક્તિના અંતરઆત્મા કરતાંયે એક સર્જક અથવા કલાકારનો અંતર આત્મા વિશેષ જાગ્રત હોવો ઘટે, એનાં કારણ સ્પષ્ટ છે. એની પાસે જે જીવનદર્શન છે તેના પાયામાં આ ઊંડી અને દઢ સમજ છે, અથવા તો એ હોવી જોઈએ. સિધ્ધાંત સાથે સમાધાન કરે, અને સલામો ભરીને, કે લાલસા રાખીને, હાથ લંબાવી કતારમાં કે ટોળકી બનાવી ઊભો હોય, એ વળી સર્જક ક્યાંથી ? સર્જક-મિજાજ, જ્યારે જરૂરી હોય ત્યારે, વિદ્રોહ કરી જાણે, ખુવાર થવાની તાકાત ધરાવે, અને કાળજયી નીપજે. છવાઈ જવાની લાલસામાં તરફડતી કોઈ પણ વ્યક્તિ ઉત્કૃષ્ટ સર્જકતાની દિશા પકડી ન શકે, એનું લક્ષ્ય જ અલગ છે.

યાકુબ: સમાજસેવા વિષયક આપનો અનુભવ કેવો રહ્યો ?

હિ.શે.: જે કર્યું, કે થયું, એને 'સેવા' શબ્દથી પ્રદૂષિત નથી કરવું. એ સેવા નહીં, નિસબતમાંથી જન્મેલી સક્રિયતા. એણે મને ઘડી, જીવનને નવેસરથી જોવાની દૃષ્ટિ આપી, માનસિક રીતે મજબૂત બનાવી, માનવ સમુદાય વચ્ચે, અભાવગ્રસ્ત જીવનની પીડા વચ્ચે એ રીતે પહોંચી સપાટી પર જીવાતું જીવન છૂટી ગયું, ઘણું બધું મિથ્યા અને નિરર્થક કરી પડયું. આ જે મળ્યું એ મોટો લાભ.

યાકુબ: વર્તમાન સ્ત્રીસર્જકોનાં સાહિત્યથી આપને સંતોષ છે ખરો ? કેમ ?

હિ.શે.: સ્ત્રી-સર્જકોનો જુદો વાડો શા માટે ? લખતી વખતે ભાગ્યે જ પોતે સ્ત્રી છે, કે પુરુષ, એ ચિત્તમાં સતત પડઘાતું હોય. અને જે સાંપ્રત લેખન છે એમાં પણ ભૂતકાળની જેમ થોડું ઉત્તમ, થોડું

મધ્યમ, થોડું કનિષ્ઠ એમ રહેવાનું. વાંચનારાં પણ એવાં જૂથોમાં વહેંચાયેલાં હોઈ શકે. અભિપ્રાયો આપવામાં શક્તિ ખર્ચવા જેવું ખરું ?

યાકુબઃ વર્તમાન ટૂંકી વાર્તાનું સર્જન તમને કેવું લાગે છે ? તેના ભવિષ્ય વિશે કાંઈ કહેશો?

હિ.શે.: જે ટકવા માટેની યોગ્યતા ધરાવે છે તે વાર્તાસર્જન ટકી જવાનું, જે ટૂંકા ગાળા માટે ટકવાની પાત્રતા રાખે છે તે ટૂંક સમયમાં અદશ્ય થવાનું, જે કાળજયી કૃતિઓ છે, તે ભાવકચિત્તમાં, પેઢીઓ પછી, અને પલટાયેલાં મૂલ્યો, કે જીવનશૈલી, કે ટેકનોલોજીના આક્રમણ પછીયે ધબકતી રહેવાની. બસ, આટલી જાણ છે. ભવિષ્ય ભાખનારાં આપણે કોણ?

યાકુબઃ તમને ક્યારેય એવું લાગે છે કે હવે નહિ લખાય ? લખવાનું છોડી દેવાની ઈચ્છા થઈ છે ખરી ?

હિ.શે.: લખવાનું થંભાવી દેવાનો ભાવ જાગે છે ખરો પણ આજ સુધી એ સ્થાયી નથી થયો. જ્યારે થશે ત્યારે લખવાનું આપમેળે અટકી જશે. પછી સમય અને શક્તિ હશે તો અનુવાદો કરવાનું મન છે.

યાકુબઃ તમારા સાહિત્યિક જીવનનો કોઈ યાદગાર પ્રસંગ કે ગમતા સાહિત્યકાર સાથેની કોઈ વાગોળવી ગમે તેવી યાદ ?

હિ.શે.: મારું જીવન શુદ્ધ અર્થમાં સાહિત્યિક રહ્યું નથી. સંપર્કો આછા અને ઓછા. નંદિગ્રામ સાથે જેટલો સમય ગાળવાનું થયું એ દરમિયાન મકરન્દભાઈ અને કુન્દનિકાબહેન સાથે થોડોક યાદગાર સમય મળ્યો. બાકી તો હું સંબંધો અને સંપર્કો વિકસાવી શકું એવી નથી. હા, થોડાં સરસ મિત્રો છે, જે યોગાનુયોગે લખે પણ છે...

યાકુબઃ ૧૯૮૦ પછીની વાર્તાએ આધુનિકતા સાથે છેડો ફાડયો અને અનુઆધુનિકતા સથે જોડાઈ. આજના સમયે આવી કોઈ શક્યતા દેખાઈ છે ખરી ?

હિ.શે.: વાર્તા સ્વયં પોતાનો પ્રવાહ નક્કી કરે છે. જ્યાં અતિરેક થતો હોય ત્યાંથી એ પાછી વળે છે, અને એ બિંદુએ એની માવજત કરનારી કલમો આવી મળે છે. સાહિત્યસર્જન અનંત શક્યતાઓ ધરાવે છે.

યાકુબઃ વર્તમાનમાં સર્જાતી વાર્તાઓ સંદર્ભે બે વિરોધાભાષી મંતવ્યો જાણીતા છે. એક, ધૂળિયો ડમ્મર ચડયો છે તે અને બે, પોતાના મૂળ તરફ પાછાં જઈ ખરા અર્થમાં ગુજરાતી કળાત્મક વાર્તાઓ તરફનો પ્રયત્ન, તમને શું લાગે છે ?

હિ.શે.: વાર્તા સ્વરૂપ, ઉપર કહ્યું એમ, વિવિધ સંભાવનાઓનું ક્ષેત્ર છે, બે વિરોધાભાસી માર્ગો ટાળીને ત્રીજી દિશા પકડે એમ પણ બને. અભિપ્રાયો આપવાને બદલે રાહ જોઈએ.

યાકુબઃ તમારા મતે દલિત / નારીવાદી સાહિત્ય એટલે શું ? દલિતો / સ્ત્રીઓએ પોતે લખેલું હોય તે કે પછી જેમાં દલિતચેતના નારીચેતના પ્રગટતી હોય તે ?

હિ.શે.: દલિત કે નારીવાદી સાહિત્ય કોઈ પણ સર્જક રચી શકે. એ કોઈ કુળ કે મૂળનો ઈજારો નથી. જેમાં આ બંને સંજ્ઞાઓ સ્પષ્ટ થતી હોય તે ગમે તેણે રચ્યું હોય, શો ફરક પડે ? બંને પ્રકારની વિભાવના જે રચનામાં ઉજાગર થતી હોય તે, જે તે સંજ્ઞાથી ઓળખી શકાય.

યાકુબઃ ગુજરાતી સાહિત્યની કઈ કૃતિ તમે લખી હોત એવુમ મનમાં થાય ? શા માટે તે જ કૃતિ?

હિ.શે.: દરેક કૃતિસર્જકની વિશિષ્ટ મુદ્રા સાથે પ્રકાશમાં આવે છે, એ આપણે લખી હોત એવો તરંગ જ અસ્થાને છે.

યાકુબઃ ક્યારેક કંઈક નવું, કંઈક જુદું કરવાની સર્જન વૈવિધ્ય પામવાની ઈચ્છા થાય ? જો મોકો મળે તો તમે શું સર્જવા ઈચ્છો ?

હિ.શે.: એવાં તો ઘણાં ક્ષેત્રો છે જેમાં પ્રવેશવાની ક્યારેક ને ક્યારેક ઈચ્છા થયેલી, ચિત્રકલા, સંગીત, અભિનય અને રંગમંચ... સઘળું જરા તરા થયું પણ ઉપલક, અને હવે ઈચ્છાઓનું શમન થાય એ મનોદશા છે, જે કર્યું તેનો સંતોષ છે અને આનંદ પણ, કશું જોઈતું નથી એવો ભાવ.

યાકુબઃ સર્જક તરીકે તમારું કોઈ વિશિષ્ટ દર્શન ખરું ? જો હોય તો તમારા સર્જનમાં એ સંતોષકારક રીતે નિરૂપાયું હોય એવું એવું તમને લાગે છે ખરું ?

હિ.શે.: જીવનને સમગ્રતયા જોવું - અનુભવવું, કેવળ મંગલ કે માત્ર કુત્સિત નહીં, બધું જ નીરખવું અને સંવેદનાઓની અભિવ્યક્તિ કેવળ શબ્દો પૂરતી મર્યાદિત ન રહે એમ જીવવું, સતત વિસ્તરવું અને જીવસૃષ્ટિ તથા પ્રકૃતિનો લય પામવો એ આદર્શ સેવ્યો, અને એ મુજબ મહદ્ અંશે જીવી શકાયું એ પરમ શક્તિનો આશીર્વાદ લેખું. લખાયું કેવું, અને કેટલું, એ નક્કી કરવાનો પ્રયાસ નહીં કરું.

યાકુબઃ આજે નારી સ્વાતંત્ર્ય, નારી સશક્તિકરણની વાતો થાય છે, પરંતુ સાચા અર્થમાં નારી સ્વતંત્ર છે ? સશક્ત થઈ છે ખરી ? એક નારી તરીકે આપનું શું માનવું છે?

હિ.શે.: સમાજ પોતાની માનસિકતા બદલી નથી શકતો ત્યારે સશક્તિકરણની વાતો નકામી. ચાર વર્ષની બાળકી પર થતા બળાત્કાર કે હત્યાની ઘટનાઓ જરાં બન્યા કરતી હોય ત્યાં સશક્તિકરણ વિશે શું કહેવાનું ? ઉપલા થરમાં જીવતી સ્ત્રીઓ કશુંક નોંધપાત્ર હાંસલ કરી શકે એ બરાબર,

ક્વચિત વળી કોઈ સંઘર્ષ થકી પણ આગળ આવી જાય, પરંતુ સમગ્રતયા ચિત્ર નિરાશાજનક અને હતાશા પ્રેરક. ગંદકી ભરેલાં મન માટે છે સ્વચ્છતા અભિયાન કોઈ ?

યાકુબઃ તમારા સર્જકચિત્ત ઉપર વ્યક્તિ / સાહિત્યકારની પ્રબળ અસર હોય એમ તમે માનો છો?

હિ.શે.: મહાશ્વેતા દેવી - એમની જીવનનિષ્ઠા અને સર્જકતા - બંને માટે આદર.

યાકુબઃ તમારો પ્રથમ પ્રેમ કયા સ્વરૂપ પરત્વે ? વાર્તા, નવલકથા કે અન્ય ? શા માટે ?

હિ.શે.: વાર્તા સાથે. મને એ પડકારરૂપ લાગી છે, ઝીલવો ગમે એવો પડકાર, એક સાથે અનેક જીવન જીવવા મળે એવી તક.

યાકુબઃ કયા પરિબળે તમને વાર્તા-નવલકથા લેખન તરફ વાળ્યાં ?

હિ.શે.: ઉપરના ઉત્તરમાં એ આવી જાય.

યાકુબઃ આપના જીવનની અમીટ એવી કોઈ યાદગાર ક્ષણ કે જે આપને વારંવાર ઝંકૃત કરતી હોય.

હિ.શે.: અનેક ક્ષણો, ગણવી અને દેખાડવી અઘરી છતાં આત્મકથામાં થોડું સમાવ્યું છે.

યાકુબઃ તમારા બાળપણ અને શાળા સમય દરમિયાનના વિશેષ અનુભવો વશે વિગતે જણાવશો.

હિ.શે.: મારી શાળાના વાતાવરણે મને જીવાતા જીવન સાથે જોડી આપી, ઘરના વાતાવરણે એ અનુભવને પોષણ આપ્યું, અને કોલેજના શિક્ષણે એ સંવેદનાને તીવ્ર બનાવ્યા. કેવળ અભ્યાસથી એકાંગી થઈ જતી વૃત્તિઓને સીમાઓ ઓળંગવાનું નિમંત્રણ આ ત્રણેય સ્થળોએ આપ્યું. નિસબત, કરુણા, સમભાવ અને સક્રિયતા - બધું કેળવાયું આ વર્ષોમાં. એમ પરિવાર વિસ્તરતો ગયો જેમાં તકવિહોણાં બાળકો, સંઘર્ષરત મહિલાઓ અને નાનાં મોટાં પ્રાણીઓ સમાતાં ગયાં. જીવનનો અને કુટુંબનો વ્યાપ વધ્યો.

યાકુબઃ તમારા કોલેજકાળ દરમિયાનના અને અધ્યાપન કાર્ય દરમિયાનના વિશેષ અનુભવો જણાવશો.

હિ.શે.: અધ્યયન અને અધ્યાપન કાળનાં મારાં વર્ષો દરમિયાન વિદ્યાર્થીઓ સામાજિક અને રાજકીય પ્રવાહોથી વાકેફ રહેતાં. વાદસભાઓ ગાજતી, વિભિન્ન મત ધરાવતાં જૂથો તંદુરસ્ત ચર્ચા કરી શકતાં. શોશ્યલ મીડિયા અને મોબાઈલ વગરના એ સમયમાં લાઈબ્રેરી ભરચક રહેતી. રજાને દિવસે એમ.ટી.બી. લાઈબ્રેરીના રીડિંગ રુમમાં બેસવું હોય તો સમય સાચવવો પડતો, નહીં તો જગ્યા ન મળે. બે મોટાં આંદોલનો, નવનિર્માણ અને અનામત-વિરોધીની હું સાક્ષી. વિદ્યાર્થીજગત ખાસ્સું સક્રિય અને બૌદ્ધિક રીતે સજગ. પડતીનાં એંધાણ વરતાયાં એ પહેલાં તો મેં સ્વૈચ્છીક નિવૃત્તિ લઈ

લીધેલી. આજે શિક્ષણ સંસ્થાઓ કઈ સ્થિતિમાં છે, અને વિદ્યાર્થીઓની સજ્જતા કેવી, શિક્ષકોના અભ્યાસનું સ્તર કેવું, અને શિક્ષણનું સ્તર કેવું, એ પૂછવા-જાણવાનું સાહસ કરી શકાયું નથી આજ સુધી.

યાકુબ: હાલની રાજકીય પરિસ્થિતિ વિશે કંઈ ફોડ પાડશો ?

હિ.શે.: રાજકીય પરિસ્થિતિ અંગે તજજ્ઞો વિશ્લેષણ કરતા રહે છે. સામાન્યજનને એમાં જે સમજ પડે તે એટલી, કે આ દેશને છેવાડાના સમૂહની યાતના જોઈ શકે એવા નેતૃત્વની જરૂર છે. બાળકીઓ અને સ્ત્રીઓ માટે, વૃદ્ધો માટે, અકિંચનો માટે આ સ્થળ લગભગ પરાયું બની રહ્યું છે. ન્યાયયુક્ત સમાજ નથી, બધા બળિયાઓ કેટકેટલું પચાવી બેઠા છે, પોલાણો ચલાવી લેવાની પ્રજાને આદત પડી ગઈ છે, અન્યાય અને શોષણ ખમી લેવાની પણ. ભીતરની ગંદકી બેફામ વધી રહી છે, જૂઠાણાં અને દંભ બેરોકટોક ફાલ્યાં છે. ધિક્કાર અને હિંસાચાર સતત વધી રહ્યાં છે, દેવસ્થાનોમાં આંટાફેરા અને પૂજા અનુષ્ઠાન પછીયે પ્રજામાં પવિત્રતા કે વિશુદ્ધિ દેખાય છે ? રાજકારણ શૂન્યાવકાશમાં નથી સર્જાતું, પ્રજાની નિર્બળતા અને અવગુણો, શિસ્તનો અભાવ અને સ્વાર્થવૃત્તિ, સત્તાલાલસા અને ખુશામતખોરી ઠેઠ ઉપર સુધી પહોંચે છે, ક્રમશઃ, એટલે રાજકારણ છેવટે તો પ્રજાનું જ પ્રતિબિંબ છે, ત્યાં જે છે તે આપણા થકી જ ત્યાં પહોંચ્યું છે, અને પાછું આપણા લગી જ આવે છે. પ્રજામાં સત્ત્વ હોય, સત્યપ્રીતિ હોય, નીતિમત્તા હોય, તો હાલ જે ચિત્ર છે એ હોય ખરું ? અને સત્તાપક્ષની આલોચના કરનારાં બધાં દેશદ્રોહી બની જાય ?

યાકુબ: આજનાં યુવાનો, નવાં લેખકોને આપ કંઈક કહેવા ઈચ્છશો ?

હિ.શે.: સંદેશ આપવાનાં કામ જેમને અનુકૂળ આવે એમનાં, આ લખનાર એ માટે સર્વથા અપાત્ર, અને સંદેશ ઝીલવા કોઈ તત્પર છે એમ માનવા - સ્વીકારવા જેવું ખરું?

- આપનો ખૂબ ખૂબ આભાર.
- યાકુબ શેખ

પરિશિષ્ટ : ૪

પુસ્તક સૂચિ



➢ <u>સંશોધનકાર્ય માટે ઉપયોગમાં લીધેલ હિમાંશી શેલતના પુસ્તકોની સૂચિ:</u>

❖ <u>વાર્તાસંગ્રહો:</u>

૧. 'અન્તરાલ', અરુણોદય પ્રકાશન, અમદાવાદ, દ્વિ.આ. ૨૦૦૭

૨. 'અંધારી ગલીમાં સફેદ ટપકાં', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ: ૨૦૦૭

૩. 'એ લોકો', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ: ૧૯૯૯

૪. 'સાંજનો સમય', અરુણોદય પ્રકાશન, અમદાવાદ, દ્વિ.આ. ૨૦૦૬

૫. 'પંચવાયકા', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૨

૬. 'ખાંડણિયામાં માથું', અરુણોદય પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૪

૭. 'ગર્ભગાથા', અરુણોદય પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૯

૮. 'ઘટના પછી', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૧

૯. 'એમનાં જીવન', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૫

૧૦. 'ધારો કે આ વાર્તા નથી-', અરુણોદય પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮

❖ <u>નવલકથા / લઘુનવલ :</u>

૧૧. 'આઠમો રંગ', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ: ૨૦૦૯

૧૨. 'ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૬

૧૩. 'સપ્તધારા', અરુણોદય પ્રકાશન, અમદાવાદ, બી.આ. ૨૦૧૩

❖ <u>સ્મરણકથા / આત્મકથા / નિબંધ/ હાસ્યવ્યંગ્ય</u>

૧૪. 'પ્લેટફોર્મ નંબર ચાર', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ: ૨૦૦૧

૧૫. 'વિક્ટર', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૧૯૯૯

૧૬. 'મુક્તિ વૃત્તાંત', અરુણોદય પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૬

૧૭. 'એકડાની ચકલીઓ', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૪

૧૮. 'ડાબે હાથે', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૨

❖ બાળસાહિત્યઃ

૧૯. 'રમતાં ભમતાં' ભાગઃ ૧-૨, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૭

૨૦. 'ગણપતની નોંધપોથી', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૭

૨૧. 'આનંદે ભજવીએ', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૭

૨૨. 'સોનું અને માઓ', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૭

❖ સંપાદન

૨૩. 'સ્વામી અને સાંઈ', નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પુનઃમુદ્રણઃ ૨૦૧૨

૨૪. 'પ્રતિરૂપ', નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્ર.આ. ૧૯૯૫

૨૫. 'અડધા આકાશનો રંગ', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૫

૨૬. 'પહેલો અક્ષર', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણઃ ૨૦૦૮

૨૭. 'નવલિકા ચયનઃ૨૦૦૭', ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૮

૨૮. '૨૦૦૨ની શ્રેષ્ઠ વાર્તાઓ', આર.આર.શેઠની કંપની, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૩

૨૯. 'અંતર-છબિ', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૧૯૯૮

૩૦. 'લિ. હું આવું છું', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, નવસંસ્કરણઃ ૨૦૦૩

૩૧. 'નાયિકા પ્રવેશ', સમર્થ, દષ્ટિ, વિમેન રાઈટર્સ ક્લેકટિવ, પ્ર.આ. ૨૦૦૪

૩૨. 'મધદરિયે મહેફિલ', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૧

❖ વિવેચન

૩૩. 'પરાવાસ્તવવાદ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્ર.આ. ૧૯૮૭

૩૪. 'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના', આર.આર.શેઠની કંપની, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૦

૩૫. 'સલામત બાળપણની શોધમાં', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૦

❖ **<u>અનુવાદ</u>**

૩૬. ‘દ્રુત વિલંબિત’, સાહિત્ય સંકુલ, સુરત, પ્ર.આ. ૨૦૦૩

૩૭. ‘નોખા મિજાજનો અનોખો ચિત્રકારઃ ભૂપેન ખખ્ખર’, વિકલ્પ પ્રકાશન, મુંબઈ, પ્ર.આ. ૨૦૦૪

૩૮. ‘ગરીબ, પણ છૈયે કેટલાં બધાં!’, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૭

પરિશિષ્ટ: ૫

સંદર્ભગ્રંથ સૂચિ

સંદર્ભગ્રંથ સૂચિઃ

- 'અધીત' (સત્તાવીસ) ગુજરાતીનો અધ્યાપક સંઘ, સં.વિનોદ ગાંધી અને અન્ય, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ. પ્ર.આ.૨૦૦૫
- 'અણસાર', સં.મોહન પરમાર, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, દ્વિ.આ.૨૦૦૬
- 'અનુઆધુનિક વાર્તાસૃષ્ટિ', સં.મોહન પરમાર, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ
- 'અનુઆધુનિકતાવાદ', ડૉ.ચન્દ્રકાન્ત ટોપીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૧૯૯૯
- 'અનુઆધુનિકતાવાદ', સં.ભોળાભાઈ પટેલ : ચન્દ્રકાન્ત ટોપીવાળા, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ. ૧૯૯૩
- 'અનુ-આધુનિકતાવાદ અને આપણે', સુમન શાહ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૮
- 'અનુબંધ', જયેશ ભોગાયતા, પ્ર.પોતે, પ્રાપ્તિસ્થાનઃ પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૧
- 'અનુવાદ, સિદ્ધાંત અને સમીક્ષા', સં.રમણ સોની, સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હી, પ્ર.આ.૨૦૦૯
- 'અલંકૃતા', સં. હર્ષદ ત્રિવેદી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર.આ. ૨૦૦૮
- 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ', ડૉ.રમેશ એમ. ત્રિવેદી, આદર્શ પ્રકાશન, અમદાવાદ, પુનઃમુર્દ્રણઃ ૧૯૯૮
- 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ', પ્રસાદ બ્રહ્મભટ્ટ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, દ્વિ.આ.૨૦૧૪
- 'આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં ઘટનાતત્ત્વનું નિરૂપણ', જયેશ ભોગાયતા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૧
- 'આધુનિકોત્તર સાહિત્ય', સં.સુધા નિરંજન પંડયા, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર.આ. ૨૦૦૬

- ‘કથામંથન’, ભરત મહેતા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૧૯૯૩
- ‘કથાવિચાર’, પ્રમોદકુમાર પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૧૯૯૯
- ‘કથાસર્ગ’, મણિલાલ હ.પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૧૯૯૧
- ‘કથાશ્લેષ’, ઈલા નાયક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૪
- ‘ગુજરાતી દલિત ટૂંકીવાર્તાઓ’, દલપત ચૌહાણ, સાહિત્ય અકાદમી, દિલ્હી, પ્ર.આ. ૨૦૦૯
- ‘ગુજરાતી દલિત નવલકથા ઉદ્‌ભવ અને વિકાસ’, હરીશ મંગલમ્, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૨
- ‘ગુજરાતી દલિત વાર્તા’, સં.મોહન પરમાર - હરીશ મંગલમ્, આર.આર. શેઠની કંપની, અમદાવાદ, પ્ર.આ. ૧૯૮૭
- ‘ગુજરાતી દલિત સાહિત્યની રૂપરેખા’, સં.ડૉ.નાથાલાલ ગોહિલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૮
- ‘ગુજરાતી નવલિકાચયન-૧૯૯૭’, સં.રવીન્દ્ર પારેખ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૦
- ‘ગુજરાતી નવલિકાચયન-૧૯૯૮’, સં.બિપિન પટેલ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૦
- ‘ગુજરાતી નવલિકાચયન-૧૯૯૯’, સં.યોગેશ જોશી, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૧
- ‘ગુજરાતી નવલિકાચયન-૨૦૦૦’, સં.શરીફા વીજળીવાળા, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૨
- ‘ગુજરાતી નવલિકાચયન-૨૦૦૨’, સં.નવનીત જાની, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૪
- ‘ગુજરાતી નવલિકાચયન-૨૦૦૩’, સં.દીપક રાવલ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૪

- 'ગુજરાતી નવલિકાચયન-૨૦૦૭', સં.હિમાંશી શેલત, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૮
- 'ગુર્જર નવલિકા સંચય', સં.રઘુવીર ચૌધરી - હરિકૃષ્ણ પાઠક, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૧૯૯૮
- 'ગુર્જર નારીચેતનાની નવલિકાઓ', સં.રઘુવીર ચૌધરી - સુનિતા ચૌધરી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૧૯૯૮
- 'ટૂંકી વાર્તા', ડૉ.વિજય શાસ્ત્રી, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, તૃ.આ.૨૦૧૪
- 'ટૂંકી વાર્તા અને બીજા લેખો', જયંત પાઠક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૦
- 'ટૂંકી વાર્તા અને હું', સં.હર્ષદ ત્રિવેદી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર.આ.૨૦૧૦
- 'તપસીલ', સં.દલપત પઢિયાર, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, પ્ર.આ.૧૯૯૯
- 'દલિત વાર્તાસૃષ્ટિ', સં. મોહન પરમાર, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૫
- 'દલિત સંવેદના અને સાહિત્ય', ડૉ. નાથાલાલ ગોહિલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૬
- 'નવલકથા', શિરીષ પંચાલ, ચંદ્રમૌલિ પ્રકાશન, પ્ર.આ. ૧૯૮૪
- 'નવલકથા સ્વરૂપ', પ્રવીણ દરજી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, તૃ.આ. ૨૦૧૫
- 'નવલકથાઃ શિલ્પ અને સ્વરૂપ', ડૉ.નરેશ વેદ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પુનઃમુદ્રણ ૨૦૧૦
- 'નવલકથાઃ શિલ્પ અને સર્જન', ડૉ.ભરતકુમાર ઠાકર, ભારત પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૯
- 'નિબંધ અને ગુજરાતી નિબંધ', સં.જયંત કોઠારી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, બી.આ. (સંવર્ધિત) ૧૯૯૫

- ‘નિબંધ અને નિબંધન’, પ્રવીણ દરજી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૫
- ‘નવી વાર્તાસૃષ્ટિ’, સં.મણિલાલ હ. પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૪
- ‘પ્રતિબદ્ધ’ ભરત મહેતા, રાવલ પબ્લિકેશન, પાટણ, પ્ર.આ. ૨૦૦૫
- ‘પ્રવર્તન’, મોહન પરમાર, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૦
- ‘પરિષદ પ્રમુખોના ભાષણો’ ગુજરાતી સાહિત્ય પરિષદ, ૧૩મું અધિવેશનઃ કનૈયાલાલ મુનશી
- ‘પરિષ્કૃત વાર્તા અને બીજા લેખો’, મણિલાલ હ. પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૦
- ‘પાંચ દાયકાનું પરિશીલન’, સં.હર્ષદ ત્રિવેદી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર.આ. ૨૦૧૧
- ‘બહુસંવાદ’, ચંદ્રકાન્ત ટોપીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૧
- ‘ભગવદ્ગોમંડળ-૫’, ભગવતસિંહજી, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પુનઃમુદ્રણ-૧૯૮૬
- ‘ભરત વાક્ય’, ભરત મહેતા, પ્ર.પોતે, વિક્રેતાઃ રાવલ પબ્લિકેશન, પાટણ, પ્ર.આ. ૨૦૦૩
- ‘માતૃતીર્થ’, નંદિની ત્રિવેદી, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, દ્વિ.આ.૨૦૦૨
- ‘રસ અને રુચિ ’, લે. ધીરૂભાઈ ઠાકર, પોપ્યુલર બુક સ્ટોર, પ્ર.આ. ૧૯૬૩
- ‘વાર્તાગોષ્ઠિ’, બાબુ દાવલપુરા, પ્ર.પોતે, પ્ર.આ. ૨૦૦૭
- ‘વાર્તા વિશેષઃ હિમાંશી શેલત’, સં.શરીફા વીજળીવાળા, અરુણોદય પ્રકાશન અમદાવાદ, પ્ર.આ.૨૦૧૩
- ‘વાર્તાસંદર્ભ’, શરીફા વીજળીવાળા, પ્ર.પોતે, મુખ્ય વિક્રેતા-ગૂર્જર એજન્સી, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૧
- ‘વિવેચનપૂર્વક’, ભરત મહેતા, પ્ર.પોતે, પ્ર.આ. ૧૯૯૮
- ‘વિશેષ’, ઈલા નાયક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૭

- 'સમકાલીન ગુજરાતી નવલકથા', ભરત મહેતા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ
- 'સર્જનપ્રક્રિયા અને નારીચેતના', સં.ઉષા ઉપાધ્યાય, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬
- 'સંદર્ભસંકેત', ભરત મહેતા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, દ્વિ.આ. ૨૦૧૬
- 'સંશ્લેષ', પ્રવીણ દરજી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૦
- 'સાર્થ ગુ.જોડણીકોશ', ગુજરાત વિદ્યાપીઠ, પુનર્મુદ્રણ ૧૯૯૫
- 'સાભિપ્રાય', રમણ સોની, આર.આર. શેઠની કંપની, અમદાવાદ, પ્ર.આ. ૧૯૯૮
- 'સાહિત્ય સંનિધિ', રવીન્દ્ર ઠાકોર, ગૂર્જર એજન્સીઝ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૩
- 'સાક્ષરનો સાક્ષાત્કારઃ ૧', રાધેશ્યામ શર્મા, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. ૧૯૯૯
- 'સાક્ષી ભાસ્ય', ચન્દ્રકાન્ત ટોપીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૦
- 'શતરૂપા', સં.શરીફા વીજળીવાળા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૧૧
- 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં.શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮
- 'હિમાંશી શેલતનો વાર્તાલોક', સં.ભરત મહેતા, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૨૦
- 'હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ', સં.મણિલાલ હ.પટેલ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, ચો.આ.૨૦૧૦

<u>હિન્દી સંદર્ભગ્રંથઃ</u>

- 'हिन्दी साहित्य में दलित चेतना', डो.आनन्द वास्कर

<u>અંગ્રેજી સંદર્ભગ્રંથઃ</u>

- 'A Glossary of Literary Terms', M. H. Abrams & Geoffrey Galt Harpham, Cengage Learning India Private Limited, New Delhi, 10th edition, Fourth Indian Reprint 2013

- ‘Gala’s Advanced Dictionary’, Dr. K.M. Munshi, Navneet Publications (India) Ltd, Dantali, Gujarat, 1969m.
- ‘Nativism: Essays in Criticism’, Ed. by Makarand Paranjape, Sahitya Academi, New Delhi, 1997
- ‘Oxford University Dictionary’

પરિશિષ્ટ : ૬

સામયિક સૂચિ

❖ **<u>સામયિકોની સૂચિ:</u>**

- ‘અભિયાન’, અંક: ૩૭, જાન્યુઆરી: ૧૯૯૭
- ‘એતદ્’, એપ્રિલ-જુન: ૧૯૯૩
- ‘ઉદ્દેશ’, ઓક્ટોબર: ૧૯૯૯
- ‘ઉદ્દેશ’, મે: ૨૦૦૦
- ‘ઉદ્દેશ’, સપ્ટેમ્બર: ૨૦૦૭
- ‘ઉદ્દેશ’, ઓક્ટોબર: ૨૦૦૭
- ‘ઉદ્દેશ’,જાન્યુઆરી: ૨૦૦૮
- ‘ઉદ્દેશ’, નવેમ્બર: ૨૦૦૯
- ‘ખેવના’, અંક: ૯૫-૯૬, સપ્ટેમ્બર-ડિસેમ્બર: ૨૦૦૭
- ‘તથાપિ’, અંક: ૬, ડિસેમ્બર-ફેબ્રુઆરી: ૨૦૦૭
- ‘તથાપિ’, અંક: ૭-૮, જૂન-ઓગષ્ટ: ૨૦૦૭
- ‘તથાપિ’, અંક: ૯, સપ્ટેમ્બર-નવેમ્બર: ૨૦૦૭
- ‘તથાપિ’, અંક: ૧૭, સપ્ટેમ્બર-નવેમ્બર: ૨૦૦૯
- ‘તાદર્થ્ય’, માર્ચ: ૨૦૦૫
- ‘તાદર્થ્ય’, ફેબ્રુઆરી: ૨૦૦૬
- ‘તાદર્થ્ય’, જુલાઈ: ૨૦૦૯
- ‘તાદર્થ્ય’, ઓક્ટોબર: ૨૦૧૦
- ‘તાદર્થ્ય’, ઓગષ્ટ: ૨૦૧૩
- ‘પ્રત્યક્ષ’, જુલાઇ-સપ્ટેમ્બર: ૧૯૯૮
- ‘પ્રત્યક્ષ’, જુલાઈ-સપ્ટેમ્બર: ૨૦૦૪
- ‘પ્રત્યક્ષ’, એપ્રિલ-જૂન: ૨૦૦૬
- ‘પ્રત્યક્ષ’, એપ્રિલ-જૂન: ૨૦૧૦

- ‘પ્રત્યક્ષ’, એપ્રિલ-જૂન: ૨૦૧૬
- ‘પરબ’, અંક: ૮, ૧૯૯૩
- ‘પરબ’, અંક: ૧૦, ૧૯૯૮
- ‘પરબ’, અંક: ૨-૩, ૧૯૯૯
- ‘પરબ’, અંક: ૯, ૧૯૯૯
- ‘પરબ’, અંક: ૧૧, ૧૯૯૯
- ‘પરબ’, અંક: ૪, ૨૦૦૦
- ‘પરબ’, અંક: ૬, ૨૦૦૦
- ‘પરબ’, અંક: ૧૦, ૨૦૦૦
- ‘પરબ’, અંક: ૧, ૨૦૦૧
- ‘પરબ’, અંક: ૬, ૨૦૦૧
- ‘પરબ’, અંક: ૮, ૨૦૦૧
- ‘પરબ’, અંક: ૧૧, ૨૦૦૨
- ‘પરબ’, અંક: ૧, ૨૦૦૩
- ‘પરબ’, અંક: ૨, ૨૦૦૩
- ‘પરબ’, અંક: ૫, ૨૦૦૩
- ‘પરબ’, અંક: ૯, ૨૦૦૩
- ‘પરબ’, અંક: ૨, ૨૦૦૪
- ‘પરબ’, અંક: ૨, ૨૦૦૭
- ‘પરબ’, અંક: ૬, ૨૦૦૭
- ‘પરબ’, અંક: ૯, ૨૦૦૭
- ‘પરબ’, માર્ચ, ૨૦૦૮
- ‘પરબ’, જૂન, ૨૦૦૮
- ‘પરબ’, સપ્ટેમ્બર, ૨૦૦૮

- ‘પરબ’, નવેમ્બર, ૨૦૦૮
- ‘પરબ’, માર્ચ, ૨૦૧૬
- ‘પરબ’, સપ્ટેમ્બર, ૨૦૧૬
- ‘ફાર્બસ ત્રૈમાસિક’,જાન્યુઆરી-માર્ચ, ૧૯૯૨
- ‘બુદ્ધિ પ્રકાશ’, અંકઃ ૧૨, ડિસેમ્બરઃ ૨૦૧૭
- ‘સમીપે’, અંકઃ ઓગણીસ
- ‘સમીપે’, અંકઃ વીસ
- ‘સમીપે’, અંકઃ બાવીસ
- ‘સમીપે’, અંકઃ ચોવીસ
- ‘સમીપે’, અંકઃ પચીસ
- ‘સમીપે’, અંકઃ છવ્વીસ-સત્તાવીસ
- ‘સમીપે’, અંકઃ ઓગણત્રીસ
- ‘સમીપે’, અંકઃ ત્રીસ-એકત્રીસ
- ‘સમીપે’, અંકઃ બત્રીસ
- ‘સમીપે’, અંકઃ પાંત્રીસ
- ‘સાહચર્ય’ (વાર્ષિકી-૨૦૧૪), સંપાદકઃ ગીતા નાયક, સાહચર્ય પ્રકાશન, મુંબઈ
- ‘શબ્દસૃષ્ટિ’, ઓક્ટો-નવેમ્બરઃ ૧૯૯૭
- ‘શબ્દસૃષ્ટિ’, જાન્યુઆરીઃ ૨૦૦૨
- ‘શબ્દસૃષ્ટિ’, ફેબ્રુઆરીઃ ૨૦૦૨
- ‘શબ્દસૃષ્ટિ’, એપ્રિલઃ ૨૦૦૨
- ‘શબ્દસૃષ્ટિ’, ઓગષ્ટઃ ૨૦૦૨
- ‘શબ્દસૃષ્ટિ’, જૂનઃ ૨૦૦૩
- ‘શબ્દસૃષ્ટિ’, જુલાઈઃ ૨૦૦૩
- ‘શબ્દસૃષ્ટિ’, સપ્ટેમ્બરઃ ૨૦૦૩

- ‘શબ્દસૃષ્ટિ’, એપ્રિલઃ ૨૦૦૪
- ‘શબ્દસૃષ્ટિ’, ઓગષ્ટઃ ૨૦૦૪
- ‘શબ્દસૃષ્ટિ’, ફેબ્રુઆરીઃ ૨૦૧૩
- ‘શબ્દસૃષ્ટિ’, એપ્રિલઃ ૨૦૧૩
- ‘શબ્દસૃષ્ટિ’, જુલાઈઃ ૨૦૧૩